
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક ૩૯ મું.
અંક ૭ મો.

સંવત ૧૯૯૮
મહા.



શ્રી વાસુપૂજ્યસ્વામીની નિર્વાણભૂમિ
**શ્રી ચંપાપુરી તીર્થ**

પ્રકાશક
શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિષય-પરિચય


૧. તડાગાન્યોક્તિ ... ... ... ... ... ... ( કવિ રેવાશંકર વાલજી બધેકા ) ૧૪૯
૨. સર્વવ્યાપી આત્મદેવને ... ... ... ... ... ( મુનિશ્રી હેમેન્દ્રસાગરજી મહારાજ ) ૧૫૧
૩. સાવધાન સદા સુખી ... ... ... ... ( આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ ) ૧૫૨
૪. ઉપદેશક પુષ્પો ... ... .... ... ... ( સં: પં. શ્રી સમુદ્રવિજયજી મહારાજ ) ૧૫૪
૫. પ્રભુ સ્તુતિ ... ... ... ... ... ... ... ... ... ( સુયશ ) ૧૫૫
૬. શ્રી સિદ્ધસ્તોત્ર ... ... ... ... ( ડો. ભગવાનદાસ મન:સુખભાઇ મહેતા ) ૧૫૬
૭. શ્રી શ્રુતજ્ઞાન ... ... ... ... ... ... ( પં. શ્રી ધર્મવિજયજી મહારાજ ) ૧૫૮
૮ પ્રભુ સ્તુતિ ... ... ... ... ... ... ... ... ... ( સુયશ ) ૧૬૧
૯. શ્રી મુનિસુંદરસૂરિ ... ( મોહનલાલ દલીચંદ દેશાઇ બી એ. એલએલ. બી. એડવોકેટ) ૧૬૨
૧૦. ચારિત્રાચારના સંક્ષેપમાં આઠ પ્રકાર ( મુનિશ્રી પુણ્યવિજયજી : સંવિજ્ઞપાક્ષિક ) ૧૬૬
૧૧. વર્તમાન સમાચાર. ( પંજાબ સમાચાર વગેરે )... ... ... ... ... ... ... ૧૬૯
૧૨. સ્વીકાર અને સમાલોચના ... ... ... ... ... ... ૧૭૨



## શ્રી મહાવીર જીવનચરિત્ર.

( શ્રી ગુણચંદ્રગણિકૃત )

બાર હજાર શ્લોક પ્રમાણ, મૂળ પ્રાકૃત ભાષામાં, વિસ્તારપૂર્વક સુંદર શૈલીમાં, આગમો અને પૂર્વાચાર્યોરચિત અનેક ગ્રંથોમાંથી દોહન કરી શ્રી ગુણચંદ્ર ગણિએ સં. ૧૧૩૯ ની સાલમાં રચેલો આ ગ્રંથ, તેનું સરળ અને ગુજરાતી ભાષાંતર કરી, શ્રી મહાવીર જીવનના અમુક પ્રસંગોના ચિત્રોયુક્ત, સુંદર અક્ષરોમાં પાકા કપડાના સુશોભિત બાઇન્ડીંગથી તૈયાર કરી પ્રગટ કરવામાં આવ્યો છે.

અત્યાર સુધીમાં પ્રકટ થયેલ શ્રી મહાવીર ચરિત્રો કરતાં વધારે વિસ્તારવાળો, જીવનના અનેક નહિ પ્રકટ થયેલ જાણવા જેવા પ્રસંગો, પ્રભુના પાંચે કલ્યાણકો, પ્રભુના સત્તાવીશ ભવોના વિસ્તારપૂર્વક વિવેચન અને છેવટે પ્રભુએ સ્થળે સ્થળે આપેલ વિવિધ વિષયો ઉપર બોધદાયક દેશનાઓનો સમાવેશ આ ગ્રંથમાં કરવામાં આવેલ છે. કિંમત રૂા. ૩-૦-૦ પોસ્ટેજ જુદું.

શ્રી ઉપયોગી સુંદર ચરિત્ર—

## સતી સુરસુંદરી ચરિત્ર.

( લેખક : રા. સુશીલ )

**( રાગરૂપી આગ અને દ્વેષરૂપી કાળાનાગને શાંત કરવામાં જળ અને મંત્રની ઉપમાને યોગ્ય અદ્‌ભુત રસિક કથાગ્રંથ. )**

આ શ્રી ઉપયોગી કથાની રચના જૈન કથાસાહિત્યમાં બહુ જ આદરને પાત્ર મનાય છે. વૈરથી ધગધગતા અને રાગ-મોહથી મૂઝાતા હૈયાને શાંત બનાવવાની કલાકુશળતા અને તાર્કિકતા કર્તા વિદ્વાન મહારાજે આ ગ્રંથમાં અદ્‌ભુત રીતે બતાવી છે.

કથારસિક વાચકવર્ગ કંટાળી ન જાય તે માટે પ્રથમ કથા-ચરિત્ર પછી કેવળી ભગવાનની ઉપદેશધારા અને તે પછી પ્રાસંગિક નૈતિક ઉપદેશશ્લોકો ( મૂળ સાથે ભાષાંતર ) સુધાબિંદુ એ પ્રમાણે ગોઠવીને ગ્રંથ આધુનિક પદ્ધતિએ મૂળ આશય સાચવી તૈયાર કરેલ છે.

રસદષ્ટિ, ઉપદેશ, ચરિત્ર-કથા અને પ્રાચીન સાહિત્યની દષ્ટિએ આ ગ્રંથ એક કિંમતી અણમોલ અને અનુપમ ગ્રંથ છે. એન્ટીક પેપર ઉપર સુંદર અક્ષરો અને રેશમી કપડાના સુશોભિત બાઈડીંગથી અલંકૃત કરવામાં આવેલ છે. કિંમત રૂા. ૧-૮-૦ પોસ્ટેજ અલગ.

**લખોઃ—શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક : ૩૯ મું : આત્મ- સં. ૪૬ : વીર સં. ૨૪૬૮ : માઘ :
અંક : ૭ મો : વિક્રમ સં. ૧૯૯૮ : ફેબ્રુઆરી :

## तडागान्योक्ति.

शिखरिणीवृत्त.

इयत्यां संपत्तावति च सलिलानां त्वमधुना,
न तृष्णामार्तानां हरसि यदि कासार सहसा ।
निदाघे चण्डाशौ कीरति परितोऽङ्गारनिकरं,
कृशीभूतः कैषामहह परिहर्तासि खलु ताम् ॥ १ ॥

એક સરોવર કે જે જળરૂપી સમૃધ્ધિથી છલોછલ ભરેલું હતું તેને જોઇ કોઇ વિદ્વાન કવિસંબોધન કરે છે કે-હે ભાઇ ! જરા સાંભળ, આજ તું જળરૂપી સંપત્તિથી ભરપૂર છો, વાહ શો તારો જળવૈભવ !! પણ ભાઈ આટલી વિભૂતિથી સંપન્ન થયા છતાં તું, તારા તરફ આકર્ષાઇ આવતા તૃષાથી વ્યાકુળ બનેલા મુસાફરોની તૃષા નિવારણ કરતો નથી, તો આ તારી ગૃહસ્થાઇને ધિ:કાર છે ! અત્યારે તો તું મગરૂર બની તરંગોથી ઉછળી રહ્યામાં મોટાઇ માની રહ્યું છો તે ભલે, પણ તેં ભવિષ્યનો કશો ય વિચાર કર્યો જણાતો નથી. તું ખચિત માનજે કે આ ઋતુ અને આ દેશ-કાળ ( સ્થિતિ ) સતત રહેવાની નથી જ, કાળક્રમે થોડા જ સમયમાં ઉષ્ણકાળનો અમલ જામશે અને આ તારો જળભંડાર સૂર્યનાં પ્રચંડ-પ્રખર કિરણો પડતાં જ બધો જળસમુદાય શોષાઇ જશે અને મદોન્મત્ત તરંગોને સ્થળે છાવડછટ થઇ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જશે, એ વખતે તું તારા તરફ આવેલા તૃષાતુરોની વ્યથાને શી રીતે શાંત કરીશ? માટે હે જળસંપત્તિસંપન્ન! તું આજથી જ ચેત! ચેત! અને ભાવિનો ખ્યાલ દીર્ઘદ્રષ્ટિથી કરી લે, ભાઈ કરી લે!!!

તેં કદી દુનિયાદારીનો અનુભવ કર્યો છે? કાળચક્રની અવિચ્છિન્ન ફરતી ગતિને નિહાળી છે? આખુંય જગતતંત્ર એકરંગે કે એક જ સ્થિતિમાં રહેતું જ નથી, રહેવાનું નથી જ, માટે હાથમાં આવેલી તકનો લાભ લઇ લેવો એ જ મારા આજના સંબોધનનો કે માનવજીવન કર્તવ્યનો સાર છે. એ ખરું ડહાપણ છે. કિં બહુના?

આ સંસારવ્યવહારમાં હંમેશાં આ ક્રિયા ચાલ્યા જ કરે છે. ચેતનહાર-ચતુરજનો તક-સમય-હાથમાં આવેલી બાજી-એ સૌનો લાભ લઇ શકયા છે, જેઓ ગાફિલ-ગર્વિષ્ઠ રહ્યા છે એ બધા પૂર્ણ પસ્તાયા છે. ધન, યૌવન-અને જીવન ક્ષણભંગુર છે, કાળ તો માથે ઝઝુમી રહ્યો છે, એ પોતાનું અફર-ઇશ્વરી વારંટ કયારે, કઇ સ્થિતિમાં બજાવશે, એ કહેવા કોઇ નજુમી સમર્થ નથી, માટે હે જળરાશિ! હમણાં જ પરમાર્થ કાર્ય કરી લે, કાળનાં વિવિધ-અનેક રૂપો હોય છે, તારી મિલ્કતનો કાળ જરૂર ઉષ્ણઋતુ જ છે, માટે એ પ્રાપ્ત થયા પહેલા જ તું તારી મૂડીનો સદુપયોગ કરી લે, આગ લાગ્યા પછી કૂવો ખોદવો એ માનવમૂર્ખાઇની પરિસીમા છે.

વસંતતિલકા વૃત્ત.

**રે! રે!! સરોવર છલોછલ તું ભર્યું છે,**
**એ પાણીથી તૃષિતનું દુ:ખ કૈં હર્યું છે?**
**છે આજ તો પરમવૈભવની વડાઇ,**
**એ ઉષ્ણકાળમહીં સર્વ જશે સૂકાઇ.—૧**
**જ્યારે પ્રચંડ તપશે રવિકિર્ણધારા,**
**શોષાઇ શુષ્ક બનશે સહુ અંગ તારાં;**
**ત્યારે તૃષા નહીં નિવારી શકીશ ભાઇ!**
**ભાવિતણો મન વિચાર કરે સદાઇ.—૨**

**સારશોધક વહાલા વાચક બન્ધુઓ!**
આ અન્યોક્તિ આપણી આંખો પણ શું નથી ઉઘાડતી?

લી૦ શુભસંદેશવાહક,
ભાવનગર. વડવા. તા. ૨૪-૧-૧૯૪૨.
**રેવાશંકર વાલજી બધેકા**
નીતિધર્મોપદેશક ઉ. કન્યાશાળા-ભાવનગર.

શ્રી આત્માનંદ પ્રકાશ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સર્વવ્યાપી આત્મદેવને.

( હરિગીત )

ચન્દ્રકેરી ચન્દ્રિકામાં પુષ્પના પરિમલ વિષે,
સર્વ રૂડી કલ્પનામાં તુજ છબી હસતી દીસે;
મંજુલા સરિતા સરે ને રમ્ય ઊર્મિ ઉછળે,
ગર્જન કરે સાગર અતિ ત્યાંયે છટા તારી મળે. ૧

તારા વિના નવ અન્ય કાંઇ, તુજ સ્મૃતિ હૃદયે વસે,
સર્વ ટાણે સર્વ સ્થાને તુજ વિના નવ કો' હસે;
જ્યાં દૃષ્ટિ મારી જઇ પડે ત્યાં તું જ મુજ નજરે ચડે,
તારા વિના વિશ્રાન્તિનું ના અન્ય કો' શુભ સ્થળ જડે. ૨

હું તુજ વિષે, તું મુજ વિષે નવ ભેદભાવ જરી ગણું,
હું તું બન્યા જ્યાં એકસ્વરૂપી મસ્ત સ્થિતિ શું વર્ણવું ?
તું યોગીઓને ગમ્ય છે ને ભક્તજનને બહુ ગમે,
મન વાણીથી ગુણ વર્ણવું શું ? શિર સદા ચરણે નમે. ૩

તારા વિના આ વિશ્વમાં નવ અન્ય કાંઇ કદી ચહું,
જે ચાહતો હું પામવા તે તું, અવર યાચું ન હું;
દર્શનતણી અતિ ચાહના તું સર્વ જીવનાધાર છે,
મારે સદા આ જીવનમાં તું સ્નેહી સઘળો સાર છે. ૪

સાગર જલોર્મિ છાંટતો ને સ્થાન સહુ નિર્મળ કરે,
પૃથ્વીતણો શુભ થાળ આરતિ દિવ્ય શશિ રવિ આદરે;
તારાવલિનાં પુષ્પને પ્રણયાર્દ્ર થઇ ચરણે ધરે,
આગમ નિગમનાં સ્તોત્ર મંગલ સર્વના મુખથી સરે. ૫

અવિનાશી ને અવિકારી તું, વીતરાગ અલખ અવર્ણ્ય તું
સમદૃષ્ટિથી સૌને જુએ કરુણાથકી પરિપૂર્ણ તું;
મમ અંતરે આવી વસો સદ્ગુણ નિરંતર આપજો,
**હેમેન્દ્ર** સમદર્શી બનાવી **અજિતપદ**માં સ્થાપજો. ૬

રચયિતા—

મુનિ હેમેન્દ્રસાગરજી મહારાજ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

લેખક : આચાર્યશ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ-

# સાવધાન સદા સુખી.

દેહ અનિત્ય-ક્ષણિક છે. દેહદ્વારા મળતા સુખ તથા આનંદ ક્ષણિક છે.જે સુખ તથા આનંદ મેળવવા માટે આત્માને જડ વસ્તુની જરૂરત પડે છે તે સુખ, સુખ નથી, તે આનંદ આનંદ નથી. આનંદ તથા સુખ આત્માના જ ધર્મ છે. અને તે આત્મા ઉપર ફરી વળેલા આવરણો દૂર થવાથી પ્રગટ થાય છે. જડાત્મક સુખોને સર્વથા ભૂલી જનારને જ આત્મિક સુખ મળી શકે છે.

અનંતા દેહરૂપી ગેહ પ્રાપ્ત થયાં છે તેના માટે હર્ષ કે શોક કરવો આત્માને ઉચિત નથી. જેમ પક્ષીઓને પાંજરામાં-પછી તે લોઢાનું હોય કે સોનાનું-પુરાવું ઇષ્ટ નથી. સ્વેચ્છાવિહાર તેમજ સ્વતંત્રતા પ્રિય હોય છે તેમજ આત્માને દેવનું હોય કે મનુષ્યનું-શરીરમાં પુરાવું ઇષ્ટ નથી. દેહ તથા આત્મા સર્વથા ભિન્ન છે એવો અનુભવ આપણને ઘણી વખત થયો છે. સારી રીતે જાણીએ છીએ કે આત્મા તથા દેહ સર્વથા ભિન્ન સ્વભાવ, ગુણધર્મવાળા છે. ઉભયનો જેટલો સંબંધ છે-અવધી પૂરી થયે બન્ને છૂટા પડી જાય છે. આત્મા ઉપર રાગદ્વેષની ચીકાશ જ્યાં સુધી લાગેલી છે ત્યાં સુધી અનેક શરીરો ચોંટ્યા કરશે જ. ચીકાશ મટી ગયા પછી શરીરનો સંબંધ અટકશે. આપણા શરીરે ખૂબ મેલ ચોંટી જાય અને પછી તે મેલ કોઇ પ્રયોગથી છૂટો પડી જાય તો આપણે શોક નથી કરતા પણ ખુશી થઇએ છીએ.

આપણા આત્મા ઉપર કર્મમેલ ચોંટી જઇને શરીરાદિ અનેક વિચિત્રતામાં આત્મા મુકાઇ જાય-પછી શુભ વિચાર તથા વૃત્તિઓના પ્રયોગથી કર્મમેલની સાથે જ શરીરાદિની વિચિત્રતાથી નષ્ટ થઈ જાય તો આપણે ખુશ જ થવું જોઇએ. કોઇએ કોઇ વ્યક્તિને લાખોનાં નાણાં ધીર્યાં હોય, સારી સ્થિતિમાં હોવાથી ધીરેલાં નાણાં સર્વથા ભૂલી જવાયાં હોય, કાળાંતરે નબળી સ્થિતિ થઇ ગઇ હોય, મહામુશીબતે પોતાનો નિર્વાહ કરતો હોય તેવામાં દેણદાર વ્યાજ સહિત નાણાં પાછાં આપી જાય તો તેને હર્ષ થાય કે શોક? આપણાં નાણાં ઘાલી બેઠેલા મોહનીયાદિ કર્મને આપણી નબળી સ્થિતિમાં આપણને અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતજીવન, અનંતસુખ આદિ આપણાં નાણાં આપે તો આપણે સુખ મનાવવું છે કે દુઃખ? જો આપણને આપણી વસ્તુ મળતી હોય તો આપણે રાજી થવું જોઇએ.

ઉદયાધીન આત્માને ઘણું જ સાવધાન રહેવું પડે છે. અસાવધાન સ્વતંત્ર બની શકતા નથી. ઉદયના અંતની ઇચ્છા સહુ કોઇને હોય છે. અબંધની ઇચ્છાને કયાંય પણ સ્થાન મળી શકતું નથી. ચેતે તે ચેતન નહી તો અચેતન છે જ. આનંદ તથા સુખ ચેતનના ધર્મ છે. અચેતનના નથી. જે ધર્મનો જે ભોક્તા તે ધર્મનો તે ધર્મી કહેવાય. હું વર્ણ ગંધાદિનો ભોક્તા છું એવું જ્યાં સુધી મનાય ત્યાં સુધી તેને ચૈતન્ય કેમ કહેવાય? શરીરના ધર્મ-હું સ્થૂળ છું, હું કૃશ છું, હું ગૌર છું, હું કૃષ્ણ છું ઇત્યાદિને પોતાના માને તેને ચેતન કોણ કહે? પાર્થિવ સંપત્તિનો વિનાશ, રૂપાંતર, અવસ્થાંતર થવાથી શોક કરે તથા પોતાના વિનાશ-અભાવની આશંકાથી ભયભીત બને તે ચેતન શબ્દોના વાચકનો વાચ્ય કેવી રીતે બની શકે? અસાવધાન જગત, અચે-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તન જગત જડોપાસક બને તેમાં કાંઇ નવાઇ જેવું નથી. સુખનો સાગર ચૈતન્યની સૃષ્ટિમાં છે. અચૈતન્યની સૃષ્ટિમાં નથી. સાવધાન એટલે સ્વતંત્ર અને અસાવધાન એટલે પરતંત્ર. સ્વતંત્રતા એટલે મુક્તિ અને પરતંત્રતા એટલે અમુક્તિ. મુક્તિ સિવાય સુખ છે જ નહિ. જગતમાં અસાવધાન મુંઝાય છે, કારણ કે તે ઉદયની ઈંદ્રજાળને પોતાની માને છે. શુભોદયમાં આનંદ અને અશુભોદયમાં શોકને આધીન થાય છે. પુદ્દગલોની વિકૃતિ તે કર્મ અને કર્મની વિકૃતિ તે ઉદય, અર્થાત્ ઉદય તે વિકૃતિની વિકૃતિ છે. આવી વિકૃતિને પોતાની પ્રકૃતિ માનનાર પોતાને ભૂલી જાય છે. જે પોતાને જ ભૂલે છે તે કેમ ન મુંઝાય ? પોતાની સ્મૃતિ અને પરની વિસ્મૃતિ તે જ સાવધાનતા છે. અવધાન એટલે ઉપયોગ. તે અવધાન સહિત હોય-ઉપયોગ સહિત હોય તે સાવધાન કહેવાય. ઉપયોગ આત્માનો ધર્મ છે. ઉપયોગ અને ચેતના એક અર્થને ઓળખાવનાર શબ્દો છે, માટે જ સાવધાન તે ચેતન અને અસાવધાન અચેતન કહેવાય છે. જડની સૃષ્ટિમાં વસતા અનેક પ્રકારના પ્રસંગો ઉપસ્થિત થાય છે, તે પ્રસંગો ચેતનને અચેતન બનવાનાં નિમિત્ત હોય છે. પણ પ્રતિકૂળ પ્રસંગોમાં ચેતનને હું ચેતન છું એવી સ્મૃતિ બની રહે તો ચેતન અચેતનદશાને પ્રાપ્ત કરી શકતો નથી.

સાવધાન-અપ્રમત્ત દશામાં રહેનાર પોતાનું ખોતો નથી. પ્રમતદશા તે વિકૃતવિભાવદશા છે અને તે વિકૃત જગતમાં વિચરવાથી ઉત્પન્ન થાય છે. ભૌતિક વિકારોથી-વિકૃતિથી ચેતનમાં વિકૃતદશા જન્મે છે, પરંતુ ભૌતિક પ્રકૃતિ ચેતનમાં વિકૃતિ કરી શકતી નથી. વસ્તુ માત્રની પ્રકૃતિ ચેતનમાં થયેલી વિકૃતિની વિનાશ કરવાવાળી છે. આ વાત નીચે લખેલા એક જ ઉદાહરણથી સ્પષ્ટ સમજી શકાય છે.

આપણે પેરીસ જેવા શહેરમાં ફરવા નીકળીએ એટલે આપણી દૃષ્ટિમાં દરેક દૃશ્ય આવે જ છે. આપણી દૃષ્ટિમાં એક મોટું મકાન આવ્યું એટલે આપણે તે જ સ્થળે થંભી ગયા અને આભા બની અસાવધાનતાથી તે મકાનના વખાણ કરવા લાગ્યા. અહા ! કેવું સુંદર મકાન છે ? એની બાંધણી કેવી છે ? એમાં ચિત્રવિચિત્ર કેવું કામ બન્યું છે ?

આ પ્રમાણે પાર્થિવ વિકૃતિ આપણી પ્રકૃતિમાં વિકૃતિદશા ઉત્પન્ન કરવા સમર્થ બની શકી, પણ આપણે વિકૃતિ તરફ દૃષ્ટિ ન આપતાં તેની પ્રકૃતિ તરફ દૃષ્ટિ આપીશું તો તે પ્રકૃતિ એટલે આ મકાનમાં ઈંટ, ચુનો, માટી, લાકડાં અને લોઢા સિવાય બીજી એવી કઇ વસ્તુ છે કે જેને હું સુંદર માની રહ્યો છું ? આવો વિચાર આવતાં જ ચેતનમાં ઉત્પન્ન થયેલી વિકૃતિનો વિનાશ થશે જ.

પ્રકૃતિમાં રહેલા પદાર્થો વિકૃતભાવ પેદા કરી શકતા નથી પણ વિકૃત જ વિકૃતિ કરે છે. પ્રકૃતિ વિકૃતિનું નિમિત્ત-કારણ બની શકતી નથી.

અસાવધાનતા વિકૃતિને ઉત્પન્ન કરે છે અને સાવધાનતા વિકૃતિનો વિનાશ કરી પ્રકૃતિને પ્રગટાવે છે, માટે જ અસાવધાન જગત પરમ દુઃખી છે. આપણે સુખના અભિલાષી છીએ માટે આપણે સાવધાનતાની આવશ્યકતા છે. સાવધાનતા આત્માનો ગુણ છે. તેને કોઇ પણ પ્રયોગથી પ્રગટ કરવા પ્રયત્ન કરવાની આવશ્યકતા છે.

અસાવધાન જગતને અનિષ્ટ એવા મૃત્યુ જેવા પ્રસંગમાં પણ સાવધાન પરમ સુખનો ભોકતા હોય છે.

અસાવધાનને અનિષ્ટ તે જ સાવધાનને ઇષ્ટ હોય છે. જ્યાં સુધી ભૌતિક વિકૃતિમાં આપણું ઇષ્ટાનિષ્ટપણું છે ત્યાં સુધી આપણે અસાવધાન છીએ માટે ભૌતિક વિકૃતિઓની પ્રકૃતિઓ તરફ ધ્યાન આપીને આપણે અસાવધાનતા ટાળવા ઇષ્ટાનિષ્ટપણાનો અંત આણવો જોઇએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સં:-પંન્યાસશ્રી સમુદ્રવિજયજી મહારાજ.

# ઉપદેશક પુષ્પો.

( ગતાંક પૃષ્ઠ ૧૩૬ થી શરૂ. )

"પ્રાણીને અનંત ભવો થાય છે તેમાં નરભવ જ વખણાય છે. કેમકે તેનાથી સ્વર્ગ અને મોક્ષનાં સુખો મેળવી શકાય છે. એ નરભવ પણ પુરુષાર્થ સાધવાથી પ્રશસ્ત છે, તે વિના તો બીજા ભવોની સંખ્યાને પૂરવારૂપ છે. તે જ પુરુષ પ્રશંસનીય છે કે જે પુરુષાર્થોને બરાબર બજાવે છે. તે જ સરોવર સેવનીય છે કે જેમાં પાણી પુષ્કળ છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ–એ ચાર પુરુષાર્થો લોકમાં વિખ્યાત છે પરંતુ તેમાં અર્થ, કામ અને મોક્ષના કારણરૂપ તો એક ધર્મ જ છે, માટે સમસ્ત અર્થરૂપ વૃક્ષોના બીજરૂપ ખરેખર ધર્મ છે એમ માનીને સુજ્ઞજનોએ ધર્મનું નિરંતર સેવન કરવું. એ ધર્મની વૃદ્ધિને માટે શુદ્ધબુદ્ધિ ગૃહસ્થોએ બરાબર સમજીને બારે વ્રત સેવવા જોઇએ. તેમાં સર્વથકી અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ–એ સાધુના પાંચ મહાવ્રત છે અને દેશથકી ગૃહસ્થોના એ પાંચ અણુવ્રતો ગણાય તથા દિશિવ્રત, ભોગોપભોગવ્રત અને અનર્થદંડવિરમણવ્રત એ ત્રણ ગુણવ્રત જાણવા; તેમજ સામાયિક, દેશાવગાશિક, પૌષધ તથા અતિથિસંવિભાગ એ ચાર શિક્ષાવ્રત છે. જેમ ગુણોમાં ઔદાર્ય અને તપમાં ક્ષમા–તેમ એ બાર વ્રતોમાં સમ્યક્ત્વ એક જીવિતરૂપ છે. સર્વજ્ઞ, સદ્ગુરુ અને ધર્મ પર જો અંતરમાં અચલ શ્રદ્ધા હોય તો તત્ત્વજ્ઞજનોએ આત્મહિતકારી તે સમ્યક્ત્વ સમજવું. એ સમ્યક્ત્વના પ્રભાવથી દેવતાઓ મનુષ્યોના દાસ બને છે અને વિક્રમ રાજાની પેઠે સમસ્ત લક્ષ્મીને સાંપડે છે."

卐 卐 卐

"નમસ્કાર હાસ્યથી, વિનયથી, પ્રેમથી, પ્રભુભાવથી અને પ્રભેદથી એમ પાંચ પ્રકારે થાય છે. વિક્રિયા જાણવામાં આવ્યા છતાં ચિત્તમાં મત્સર લાવીને ક્રિયા કરનારા જે નમસ્કાર કરે તે હાસ્યપ્રણામ ગણાય. પુત્રો વિગેરે પિતાદિને વિનયથી જે નમે તેને સુજ્ઞજનો વિનયપ્રણામ કહે છે. પ્રેમ–કોપયુક્ત, મિત્રો કે સ્નેહીઓને પ્રસન્ન કરવા જે પ્રણામ કરવામાં આવે તે પ્રેમપ્રણામ. માન, સન્માન અને લક્ષ્મીદાનથી શોભતા ઐહિક સ્વામીને નમસ્કાર તે પ્રભુપ્રણામ; તેમજ સદ્ગુરુ કે વીતરાગ દેવને નમસ્કાર તે ભાવ નમસ્કાર કહેવાય છે."

卐 卐 卐

"સંસારની વિચિત્રતા વિદ્વાનો પણ ન જાણી શકે તેવી છે, કેમકે માણસ એક ચિંતવે છે અને બીજું થાય છે. ગ્રીષ્મના તાપથી આતુર થયેલ માણસ શાંતિ પામવા વૃક્ષની છાયામાં આવે છે, પણ અહા! તેના પોલાણમાં રહેલ મહાસર્પ તે બિચારાને દંશે છે, અહો! શત્રુને મારવાને માટે મનુષ્ય શસ્ત્ર ઉપાડે છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ કોઈ વાર દૈવયોગે તેજ શસ્ત્રથી તે હણાય છે. કોઇ પોતાના મનોરથ પ્રમાણે જે ફળ પામે છે, તે મહાવિડંબના-જાળમાં નાખવા માટે વિશ્વાસ ઉપજાવવારૂપ હોય છે. ”

卐 卐 卐

## શ્રી શત્રુંજય મહાતીર્થનું માહાત્મ્ય.

“ ધર્મરૂપ કલ્પવૃક્ષના ઉપવન સમાન તથા ધર્મરૂપ કામધેનુના ગોકુળ સરખા એ ગિરિનો જેઓ આશ્રય કરે છે તેઓ ધર્મ-ચિંતામણીની ખાણ જુએ છે. જે પર્વત પર ચઢવાથી મોટામાં મોટો સંસારસાગર ખાબોચિયા સમાન દેખાય છે અને મુક્તિને પોતાના હાથે સ્પર્શ કરી શકાય છે, મોક્ષે જવાને પ્રથમ સોપાન સમાન જે ગિરિને પામીને પુંડરીકાદિ કોટાનુકોટી મુનિઓ સિદ્ધ થયા. મારા સિદ્ધક્ષેત્રપણાને ધિક્કાર છે કે હજી અનંત જંતુઓ આર્ત્ત થઇને સંસારમાં ભ્રમણ કરે છે એમ માનીને નિર્ઝરણાવડે જે પર્વત રૂદન કરે છે, અહો ! જેનો કઠીનતા ગુણ કોઈ અત્યંત દુર્ભેદ્ય છે કે જ્યાં શરીરને તજનાર આત્મા અધોગતિમાં જવાને સમર્થ નથી, જ્યાં ક્રૂર મન અને વચન-વાળા કૃષ્ણપક્ષીઓ, પવિત્રતા રહિત અને જાણે પાપના દૂત હોય તેવા પાપીજનો પગલું દઈ શકતા નથી. હિમાલયની ગિરિરાજતા તો કવિઓની વાણી માત્રમાં છે પરંતુ સાચી ગિરિ-રાજતા તો અહીં જ છે કે જ્યાં આદ્ય જગદ્-ગુરુ પોતે તિલક સમાન બિરાજમાન છે. એ ગિરિરાજના ગુણો કહેવાને સર્વજ્ઞો પણ સમર્થ નથી, કારણ કે તેમનું આયુષ્ય પ્રમાણવાળું હોય છે અને વચનક્રમથી તો બોલી શકાય છે.”

---

## પ્રભુ સ્તુતિ.

[ મેં તો તુમસે બંધી રહું-ભૈરવી ]

હું તો મનસેં ભજી લઉં, તનસેં નમી લઉં,
દર્શન તુમારા પ્યારા, હે પ્રભુ ! દર્શન તુમારા પ્યારા.
વંદન હમારા પ્યારા, તૂટે મેરે પાપોંકા બંધન ભારા,
વંદન હમારા સ્વીકારો પ્રભુ મેરે નયનોંકા અંજનકારા;
સેવું પૂજનસેં દિલકે દુલારા-હે પ્રભુ. ૧
દર્શન તુમારા પ્યારા હુવે, મેરે જીવનકા મંગલકારા,
સુયશ નૈનાકા સીતારા, ગાયે તેરે ગુણોકી સિરગમ સારા;
હૈયે આનંદકા ઊડતે ફુવારા-હેં પ્રભુ. ૨

સુયશ—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રચનાર અને વિવેચનારઃ-ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઈ મહેતા.

# શ્રી સિદ્ધસ્તોત્ર.

( ગતાંક પૃષ્ઠ ૧૩૦ થી શરૂ )

હવે 'સિદ્ધ' શબ્દની નિરુક્તિ બતાવે છેઃ—

શુદ્ધૈક કેવળ સ્વભાવ કર્યો જ સિદ્ધ,
જે તેથી 'સિદ્ધ' અભિધાન ધરે પ્રસિદ્ધ;
જે કર્મજાલથી વિવિક્ત જ આત્મ ધારે,
તે સિદ્ધના ચરણ હો શરણું અમારે. ૨.

શબ્દાર્થ—જેણે કેવલ એક શુદ્ધ સ્વભાવ જ સિદ્ધ કર્યો છે, તેથી જે 'સિદ્ધ' એવું પ્રસિદ્ધ નામ ધારણ કરે છે અને આમ કર્મજાલથી વિવિક્ત-વિખૂટો પડેલો આત્મા જ જે ધરાવે છે તે સિદ્ધના ચરણ અમને શરણ હો !

## વિવેચન

કેવલ શુદ્ધ આત્મસ્વભાવ-શુદ્ધ નિજ દ્રવ્યનો સ્વભાવ જ સિદ્ધ-નિષ્પન્ન કર્યો હોવાથી, શ્રી સિદ્ધનું 'સિદ્ધ' એવું સાન્વયાર્થ યથાર્થ નામ પ્રસિદ્ધ થયું છે.

ખાણમાં પડેલા સુવર્ણપાષાણ જેમ આ આત્મા અનાદિકાળથી કર્મજનિત અશુદ્ધ અવસ્થામાં ચાલ્યો આવતો હતો.

" द्वयोरनादिसंबंधः कनकोपलसन्निभः । "
—શ્રી અમૃતચંદ્રાચાર્યજીકૃત પંચાધ્યાયી

" કનકોપલવત્ પયડિ પુરુષતણી; જોડી અનાદિ સ્વભાવ. "
—શ્રીમાન આનંદઘનજી

એવી કર્મજન્ય અશુદ્ધ અવસ્થામાંથી, પરમ તપરૂપ અગ્નિવડે કર્મરૂપ મૃત્તિકાની અશુદ્ધતા દૂર કરી એટલે કેવલ શુદ્ધ સુવર્ણરૂપ શુદ્ધ આત્મા જ અવશિષ્ટ-બાકી રહ્યો. આમ નિજ આત્મદ્રવ્યની સિદ્ધિ કરવારૂપ મોટામાં મોટો-પરમ પુરુષાર્થ સાધ્યો હોવાથી 'સિદ્ધ' અભિધાનનું સાર્થકપણું જણાય છે. મોક્ષ એટલે શુદ્ધતા સિવાય બીજું કંઇ નહિં, સિદ્ધ એટલે શુદ્ધ.

" सुद्धस्स य णिव्वाणं सो च्चिय सिद्धे णमो तस्स "
—શ્રી કુંદકુંદાચાર્યજીકૃત પ્રવચનસાર

" મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા " —શ્રીમદ્ રાજચંદ્રજી

" येनात्माबुध्यतात्मैव परत्वेनापि चापरम् । "
—શ્રી પૂજ્યપાદસ્વામીકૃત સમાધિશતક

For Private And Personal Use Only

**"અહો શ્રી સુમતિ જિન શુદ્ધતા તાહરી,**
**સ્વગુણપર્યાય પરિણામરામી."**

**—મુનિવર્ય શ્રી દેવચંદ્રજી.**

આમ અશુદ્ધમાંથી શુદ્ધ અવસ્થાની પ્રાપ્તિરૂપ સિદ્ધ સ્વરૂપની વ્યકિત પર્યાયાર્થિક નયથી છે,–'धातुपाषाणे सुवर्णपर्याय परिणति व्यक्तिवत् ( શ્રી **બ્રહ્મદેવજી** ). કનકપાષાણમાં સુવર્ણપર્યાય પરિણતિની વ્યકિત જેમ. પરંતુ દ્રવ્યાર્થિક નયથી, શુદ્ધ નિશ્ચય નયથી, શકિત અપેક્ષાએ સર્વ જીવ સિદ્ધ સમા છે.

**"सव्वे सुद्धा हु सुद्धणया"**

**—શ્રી નેમિચંદ્રસિદ્ધાન્તચક્રવર્તીકૃત બૃહદ્દ્રવ્યસંગ્રહ.**

**"સર્વ જીવ છે સિદ્ધ સમ, જે સમજે તે થાય;**
**સદ્ગુરુ આજ્ઞા જિન દશા, નિમિત્ત કારણ માંય."**

**—શ્રીમદ્ રાજચંદ્રજીપ્રણીત શ્રીઆત્મસિદ્ધિ.**

પણ આ શકિતરૂપ સિદ્ધતાની વ્યકિત માટે તો અન્ય આત્માઓને પુષ્ટ આલંબનરૂપ શ્રી સિદ્ધ ભગવાન્ છે, કે જેને તે સ્વરૂપની વ્યકિત થઇ છે. આત્મારૂપ ઉપાદાનને પ્રગટ કરવા માટે તે નિમિત્ત કારણ છે, આત્માને અનુસરવા માટે પ્રતિચ્છંદ સ્થાનીય–આદર્શસ્વરૂપ છે, બકરાના ટોળામાં રહેલા સિંહને, જેમ સિંહને દેખતાં પોતાના સાચા સ્વરૂપનું ભાન થાય, તેમ પ્રભુના સ્વરૂપદર્શનથી જીવને નિજસ્વરૂપનું ભાન જાગ્રત થાય છે.

**"ઉપાદાન આત્મા સહી રે, પુષ્ટાલંબન દેવ;**
**ઉપાદાન કારણપણે રે, પ્રગટ કરે પ્રભુ સેવ.**
**અજકુલગત કેસરી લહે રે, નિજપદ સિંહ નિહાળ;**
**તિમ પ્રભુભકતે ભવિ લહે રે, આતમશક્તિ સંભાળ."**

**—મુનિવર્ય શ્રી દેવચંદ્રજી.**

અને એટલા માટે જ, એવા શ્રી સિદ્ધનું અમને શરણ હો, કે જેણે અનાદિકાળથી સંચિત કરેલી, આત્મા સાથે ક્ષીરનીર જેમ ભળી ગયેલી અનંતકર્મજાલને, પરમ આત્મપુરુષાર્થથી લીલામાત્રમાં ફગાવી દઇ, નિજ આત્માને સર્વથા વિવિકત કર્યો છે—ક્ષીરનીરને હંસ જુદા કરે તેમ જુદો કર્યો છે.

—ચાલુ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી શ્રુતજ્ઞાન.

લેખકઃ—પંન્યાસજી શ્રી ધર્મવિજયજી મહારાજ.

( ગતાંક પૃષ્ઠ ૧૩૪ થી શરૂ )

## સમ્યગ્દર્શનનો વિષય સર્વદ્રવ્યો-સર્વપર્યાયો.

જે આત્મા 'આસ્તિકય' લક્ષણના યોગે સમકિતવંત છે તે આત્મા સ્વયં ભલે ન્યૂન જ્ઞાનવાળો હોય તો પણ સમ્યગ્દર્શનના પ્રભાવે તે આત્મામાં ભાવશ્રુતનો એવો સાચો અંશ પ્રગટ થયેલો હોય છે કે–અનંતજ્ઞાની જિનેશ્વરદેવોએ નિરૂપણ કરેલા અને ગણધર મહર્ષિઓએ સૂત્રરૂપે ગુંથેલા સર્વ ભાવોને તે યથાર્થ સદ્દહે છે અને એ કારણથી જ મતિ અને શ્રુતજ્ઞાનના આદેશથી સર્વ દ્રવ્યો તથા સર્વ પર્યાયો વિષયભૂત છે તે પ્રમાણે સમ્યગ્દર્શનને પણ સર્વ દ્રવ્ય, સર્વ પર્યાય-ગત માનવામાં આવેલું છે. **માષતુષ** મુનિ જેવા આત્માઓ એક અંશ જેટલા આવા ભાવશ્રુતના પ્રભાવે જ તદ્ભવમાં કેવલજ્ઞાન અને મુક્તિ પ્રાપ્ત કરી શકયા છે.

## સાહજિક અજ્ઞાન અથવા ગુરુનિયોગના કારણે આસ્તિકયમાં ખામી હોય તો સમ્યક્ત્વ ટકે કે કેમ?

**શંકાઃ**–પોતાની અભિલાષા–અરિહંત ભગવંતે જે તત્ત્વો જે પ્રમાણે કહ્યાં છે તે પ્રમાણે જ શ્રદ્ધા રાખવાની છે; પરંતુ જે ગુરુદેવની નિશ્રામાં પોતે રહેલ હોય તેઓ કોઇ વખતે જાણતા–અજાણતા જીવા–જીવાદિ પદાર્થોનું અન્યથા અર્થાત્ વિપરીતરૂપે નિરૂપણ કરે અને ગુરુદેવ ઉપર પોતાનું શ્રદ્ધાન હોવાથી ગુરુએ વિપરીત સ્વરૂપે કહેલા તે ભાવોને સ્વયં સદ્દહે છે, તો તેવા પ્રસંગોમાં તે આત્માઓ માટે શું સમજવું? તેઓને સમકિતવંત માનવા કે મિથ્યાદૃષ્ટિ માનવા?

**સમાધાન**—આ શંકાના સમાધાનને અંગે ઘણો જ વિચાર કરવાની જરૂર છે. પોતાની અભિલાષા તો એક જ છે કે–"મારે તો જિનેશ્વરદેવોએ જે કહ્યું તે જ સાચું છે" જે ગુરુદેવની નિશ્રામાં પોતે રહેલ છે તે ગુરુદેવ ત્યાગી–વૈરાગી શુદ્ધ માર્ગપ્રતિપાદક અને પ્રભુશાસનના સાચા વફાદાર છે, એમ દૃષ્ટિરાગથી નહિ પણ ગુણાનુરાગથી માને છે, એમ છતાં તે ગુરુના મુખથી પણ માર્ગ-વિરુદ્ધ ધર્મદેશના આભોગ કિંવા અનાભોગથી અપાઈ જાય, જીવાજીવાદિ પદાર્થનિરૂપણમાં ઉત્સૂત્રનિરૂપણ થઇ જાય તે અવસરે જ્યાં સુધી પોતાને અન્ય ગીતાર્થ મહર્ષિઓના સમાગમના અભાવે સાચી વસ્તુનું જાણપણું ન થાય અને ગુરુનિયોગ–ગુરુપરતંત્રતાને અંગે ગુરુએ જે પ્રમાણે કહ્યું છે તે સાચું છે એમ માને, તેટલા માત્રથી (વિરુદ્ધ મન્તવ્ય છતાં) તે આત્માઓ સમકિતથી ભ્રષ્ટ ન ગણાય અર્થાત્ મિથ્યાદૃષ્ટિ ન કહેવાય, કારણ કે તે આત્માનું તો એક જ લક્ષ્ય છે કે–મારા પૂજ્ય ગુરુદેવ પ્રભુમાર્ગને યથાર્થ અનુ-સરનારા છે અને પ્રભુના વચન પ્રમાણે તેઓ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જે કાંઇ કહે છે તે સાચું જ છે. અન્ય ગીતાર્થ મહર્ષિઓનો સમાગમ થાય, તે પ્રસંગે 'આ પ્રમાણે આ પદાર્થોને અંગે મન્તવ્ય રાખવું એ પ્રભુના માર્ગથી વિરુદ્ધ છે' એમ યુક્તિપૂર્વક અને શાસ્ત્રની પૂર્વાપર અવિરૂદ્ધ પ્રણાલિકાથી સમજાવવામાં આવે તે અવસરે "મારું મન્તવ્ય ખોટું છે એમ જાણવા–સમજવા છતાં પોતાના મન્તવ્યમાં ફેરફાર ન થાય અને કદાગ્રહમાં આવી જાય તો તે આત્માઓ સમ્યગ્દર્શનથી ભ્રષ્ટ બની મિથ્યાત્વની ભૂમિકાએ પહોંચી જાય છે.

શ્રી કર્મપ્રકૃતિ મહાશાસ્ત્રમાં–ભગવાન્ શિવશર્મસૂરિ મહારાજાએ આ વસ્તુ નીચેની ગાથામાં ઘણી જ સ્પષ્ટ રીતિએ રજૂ કરેલ છે.

सम्मद्दिट्ठि जीवो, उवइट्ठं पवयणं तु सद्दहइ ।
सद्दहइ असब्भावं, अजाणमाणो गुरुनियोगा ॥१॥

(ઉપશમના કરણ)

**ભાવાર્થ**—સમ્યગ્દષ્ટિ આત્મા જિનેશ્વરદેવે ઉપદેશેલા પ્રવચનને જ સદ્દહે–માને, (અર્થાત્ બીજા પ્રવચનને ન માને) સમ્યગ્દૃષ્ટિ છતાં અસદ્ભૂતભાવોને માને તો તે પણ ક્યારે માને? કે સ્વયં વસ્તુતત્ત્વથી સ્વાભાવિક અજ્ઞાત હોય અને ગુર્વાદિક વડિલોની પરતંત્રતામાં સ્વયં વર્તતો હોય. આ ગાથા ઘણા જ ગંભીર અર્થથી ભરેલી છે.

આ ગાથાની ટીકામાં જ પૂજ્યપ્રવર સમર્થ ટીકાકાર શ્રીમાન્ મલયગિરિ મહારાજાએ તેમજ ન્યા. વિ. પૂ. ઉપાધ્યાયજી મહારાજાએ જમાલિનું દૃષ્ટાંત આપીને વસ્તુતત્ત્વનો વિશેષ સ્ફોટ કરેલ છે. સુજ્ઞોએ તે સ્થાન જોઇને વિશેષ નિર્ણય ગીતાર્થોદ્વારા સમજી લેવો. આ વિષયને અંગે અહિં જે કાંઈ લખવામાં આવ્યું છે તે શાસ્ત્રો અને તેમાં જણાવેલા વિચારો તરફ ખ્યાલ રાખીને લખવામાં આવેલ છે, છતાં કાંઇ પણ સિદ્ધાન્તવિરુદ્ધ લખાયું હોય તો તે સંબંધી 'મિથ્યાદુષ્કૃત' છે.

## વર્ત્તમાન પરિસ્થિતિનો વિચાર.

અંતિમ તાત્પર્ય એ છે કે–આત્મકલ્યાણાભિલાષી મુમુક્ષુ આત્માએ ઉપર જણાવેલા 'આસ્તિક્ય'ના નિરૂપણને ધ્યાનમાં રાખી હરકોઈ પ્રસંગોમાં તે સર્વોત્તમ લક્ષણથી આત્મા વંચિત ન થઇ જાય, દૃષ્ટિરાગ કિંવા લોકૈષણા આત્માને વિરુદ્ધ માર્ગનિરૂપણમાં ન ઘસડી જાય તે માટે બહુ જ જાગૃતિ રાખવાની જરૂર છે. યદ્યપિ આજના દુઃષમકાળમાં કોઇ સાતિશયજ્ઞાનીમહર્ષિ નથી, જેથી અન્યોન્યના ભિન્ન મંતવ્યોમાં કયું મન્તવ્ય સત્ય છે? તેનો સાક્ષાત્કાર કરાવી આપે, તો પણ શાસ્ત્રદૃષ્ટિ, ગીતાર્થમહર્ષિઓ અને સુવિહિત પરંપરા એ બધાયનો સુમેળ થાય તો જરૂર સત્ય તત્ત્વ તરી આવે.

## સમ્યગ્દૃષ્ટિ આત્માની આત્મજાગૃતિ.

ધર્મનો પ્રારંભ, ધર્મનો આધાર, ધર્મનું ભાજન ઇત્યાદિ જે કાંઈ કહો તે સમ્યગ્દર્શન જ છે. અને ઉપર જણાવેલ 'આસ્તિક્ય' લક્ષણ જ્યાં હોય છે ત્યાં જ એ ઉત્તમોત્તમ સદ્ગુણ ઘટી શકે છે. સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થયા બાદ આત્મિક દશા એકદમ પરાવર્ત્તન પામી જાય છે. બાહ્યવૃત્તિની મંદતા થવા સાથે આંતરવૃત્તિ વિકાસ પામે છે. પુદ્ગલાનંદીપણાનો ત્યાગ થવા સાથે એ મુમુક્ષુમાં આત્માનંદીપણું જાગૃત થાય છે. સ્વ–પરનો વિવેક પેદા થાય છે. સત્યાસત્યનો નિર્ણય કરવાની શક્તિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જાગે છે અને પાપકાર્યમાં તે આત્માને રુચિ થતી જ નથી. કદાચ કરવું પડે તો પણ નિરૂપાયે બીતાબીતા કરવું પડે છે. ભગવાન્ હરિભદ્રસૂરિમહારાજાએ શ્રી ષોડશક ગ્રન્થમાં જણાવ્યું છે કે–

यद्यपि कर्मनियोगात्
करोति तत्तदपि भावशून्यमलम् ।
अत एव धर्मयोगात्
क्षिप्रं तत् सिद्धिमाप्नोति ॥ १ ॥

ભાવાર્થ:–જો કે કર્મના યોગે સમકિતવંત આત્મા તે તે પાપપ્રવૃત્તિઓ કરે છે તો પણ તે આત્મા તે તે પાપકર્મો ભાવ વિના કરતો હોવાથી કાલાંતરે ધર્મસંયોગના સાધનોદ્વારા પૂર્વના સર્વ પાપોનો અલ્પકાળમાં નાશ કરી સિદ્ધિ–મોક્ષસુખને પ્રાપ્ત કરે છે.

## સમ્યગ્દર્શનનો સંક્ષિપ્ત મહિમા.

ભગવાન્ હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજાએ સમ્યગ્દર્શનનો ચાર–પાંચ શ્લોકોમાં જે મહિમા વર્ણવ્યો છે તેનો ઉલ્લેખ કરી આ સમ્યગ્દર્શન ગુણના વર્ણનને સમાપ્ત કરવું ઉચિત ધાર્યું છે.

"मूलं बोधिद्रुमस्यैतत्, द्वारं पुण्यपुरस्य च ।
पीठं निर्वाणहर्म्यस्य, निधानं सर्व सम्पदाम् ॥ १ ॥"

"આ સમ્યગ્દર્શન રત્નત્રયી સ્વરૂપબોધિ વૃક્ષનું મૂળ છે, પુન્યાનુબંધીપુન્યપુરીનું પ્રવેશદ્વાર છે, મોક્ષપ્રાસાદની પીઠિકા છે અને બાહ્ય–આભ્યંતર સર્વ સંપત્તિનું નિધાન છે."

"गुणानामेक आधारो, रत्नानामिव सागरः ।
पात्रं चारित्रवित्तस्य, सम्यक्त्वं श्लाघ्यते न कैः ॥ २ ॥"

"રત્નોનો આધાર જેમ સમુદ્ર છે તેમ સર્વ ગુણોનો આધાર–આ સમ્યગ્દર્શન છે, ચારિત્રરૂપી આત્મધનના રક્ષણ માટેનું સર્વોત્તમ પાત્ર છે, આવા સમ્યગ્દર્શનની કોણ પ્રશંસા ન કરે?"

"अवतिष्ठेत नाऽज्ञानं, जन्तौ सम्यक्त्ववासिते ।
प्रचारस्तमसः कीदृग्, भुवने भानुभासिते ॥ ३ ॥"

"સમ્યગ્દર્શનથી વાસિત આત્મામાં અજ્ઞાન (તો) રહેતું જ નથી, સૂર્યથી પ્રકાશિત પૃથ્વીતલ ઉપર અંધકારનો પ્રચાર કેવો? અર્થાત્ ન જ હોય."

"तिर्यग्नरकयोर्द्वारे, दृढा सम्यक्त्वमर्गला ।
देव-मानव-निर्वाण-सुखद्वारैक कुंचिका ॥ ४ ॥"

"સમ્યગ્દર્શન એ તિર્યંચગતિ તથા નરકગતિના દ્વારની ભોગળ છે, તેમજ દેવસુખ–માનવસુખ અને સર્વોત્તમ મોક્ષસુખના દ્વારની મુખ્ય કુંચી–ચાવી છે."

"भवेद्वैमानिकोऽवश्यं, जन्तुः सम्यक्त्ववासितः ।
यदि नोद्वान्तसम्यक्त्वो बद्धायुर्वापि नो पुरा ॥ ५ ॥"

"નરકાદિ ગતિનું આયુષ્ય સમ્યક્ત્વ પ્રાપ્ત કરવા અગાઉ ન બાંધ્યું હોય, તેમજ સમ્યક્ત્વને પ્રાપ્ત કરીને સમ્યક્ત્વને ન વમી નાંખ્યું હોય એવો સમ્યગ્દૃષ્ટિ આત્મા (તે ભવમાં કદાચ અન્ય સામગ્રીના અભાવે મુક્તિ ન પામે તો પણ) અવશ્ય વૈમાનિક દેવલોકમાં જ ઉત્પન્ન થાય."

अन्तर्मुहूर्त्तमपि यः समुपास्य जन्तुः
सम्यक्त्वरत्नममलं विजहाति सद्यः ।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



बम्भ्रम्यते भवपथे सुचिरं न सोऽपि,
तद्बिभ्रतश्चिरतरं किमुदीरयामः ॥ ६ ॥

" જે આત્મા અન્તર્મુહૂર્ત્ત જેટલો અલ્પ સમય પણ સમ્યગ્દર્શન ગુણની સેવના કરી અનન્તાનુબંધી કષાયાદિ નિમિત્તને પામી પુનઃ તેનો ત્યાગ કરે છે તે આત્મા પણ ચિરકાલ સુધી ( અપાર્ધપુદ્ગલપરાવર્ત્તનથી વધુ સમય ) સંસારમાં પરિભ્રમણ કરતો નથી, તો પછી તે જ સમ્યગ્દર્શન ગુણને દીર્ઘકાળ સુધી ધારણ કરનાર ભાગ્યવાન્ ભવ્યાત્મા માટે તો અમો શું કહીએ ? અર્થાત્ તે આત્મા તો શીઘ્ર ભવપરંપરાનો અંત કરીને મુક્તિસુખને પ્રાપ્ત કરે છે.

**સમ્યક્શ્રુત-મિથ્યાશ્રુત.**

આવું ઉત્તમોત્તમ સમ્યગ્દર્શન જે આત્મામાં હોય તેનું શ્રુત તે **સમ્યક્શ્રુત** કહેવાય છે, અને જે આત્મામાં હજુ સમ્યગ્દર્શન ગુણ પ્રગટ થયેલ નથી, તે આત્મા મિથ્યાદૃષ્ટિ હોવાથી તેનું શ્રુત પણ **મિથ્યાશ્રુત** કહેવાય છે.

હવે પછી સાદિ-સપર્યવસિત, અનાદિ-અપર્યવસિત વિગેરે શ્રુતના ભેદોનો વિચાર શાસ્ત્રાનુસારીપણે કરવામાં આવશે. ( ચાલુ )

## પ્રભુ સ્તુતિ.

[ રાગ-મેરે જીવનકે પથપર છાય હે. ]

તેરે દર્શનસેં મનઘર આયે હે, હે નાથ ! જીવન કે સારથી.
પ્રભુ ચરણ-શરણ ભજ ભાઇ હે નાથ ! જીવન કે સારથી.
જૂઠે જૂઠે સંગ દુનીકે તુમ છોડો ભઈ મન જોડો ભઇ,
ગુણગાન પ્રભુકે ગાઇ હે નાથ ! ૧
આજ બની હે અંગીયા અમૂલી, પ્રભુ પાર્શ્વકરૂં તેરે ગાન તાન,
પ્રેમલ જ્યોતિ તુજ અંગ આજ, યશ મન દેવળ ખીલજાઈ.
હે નાથ ! ૨

સુયશ—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી મુનિસુંદરસૂરિ.

લેખકઃ મોહનલાલ દલીચંદ દેશાઈ
B. A. LL. B. Advocate.

( ગતાંક પૃષ્ઠ ૧૪૫ થી શરૂ )

શ્રી દેવસુંદરસૂરિ સં. ૧૪૬૮માં સ્વર્ગસ્થ થયા, ને તેમના સૂરિશિષ્યો–જ્ઞાનસાગરસૂરિ સ્વ. સં. ૧૪૬૦, કુલમંડનસૂરિ સ્વ. ૧૪૫૫ ચૈત્ર, ગુણરત્નસૂરિ સં. ૧૪૬૬ની દેવસુંદરસૂરિના નિર્દેશથી વ્યાકરણ પરની ક્રિયારત્નસમુચ્ચયની કૃતિ પછી તેમનો પ્રતિષ્ઠાલેખ સં. ૧૪૬૯ નો મળે છે (બુ. ૧ નં. ૧૨૦૧) અને 'સંસ્તારક' પયન્નાની અવચૂરિ સં. ૧૪૮૪ માં રચેલી પીટર્સન ૩, પૃ. ૪૦૬ માં જણાવાઇ છે પણ તેમાં સંવતદોષ લાગે છે કારણ કે સં. ૧૪૮૨ પહેલાં જિનવર્ધનના કથન મુજબ સ્વર્ગસ્થ થયા છે, તેથી સં. ૧૪૬૯ પછી અને સાધુરત્નસૂરિ સં. ૧૪૫૬માં યતિજિતકલ્પવૃત્તિની રચના કર્યા પછી સં. ૧૪૫૮માં પાટણમાં આચાર્યપદ મેળવ્યા પછી થોડા વર્ષમાં સ્વર્ગસ્થ થયા. આ ચારેના સ્વર્ગવાસ પછી સોમસુંદરસૂરિ અનન્ય તપાગચ્છનાયક બન્યા. ( જિનવર્ધનકૃત સં. ૧૪૮૨ની પટ્ટાવલી ) એટલે સં. ૧૪૬૯ પછી અને સં. ૧૪૭૨ સુધીમાં અવશ્ય તેઓ ગણાધીશ થયા. તેમનો પહેલો પ્રતિષ્ઠાલેખ સં. ૧૪૭૧ નો મળે છે (બુ. ૨ નં. ૫૦૦). (બુ. ૧,નં. ૧૩૮૦માં સં. ૧૪૪૯ નો સંવત લેવામાં ભૂલ થઈ લાગે છે, તે સંવત ૧૪૮૯ હોવો સંભવિત છે.) સં. ૧૪૭૧ના તથા સંવત ૧૪૭૨ના લેખમાં 'તપાગચ્છ નાયક શ્રી દેવસુંદરસૂરિ શિષ્ય શ્રી સોમસુંદરસૂરિભિઃ' એમ અને સં. ૧૪૭૪ થી લેખોમાં 'તપગચ્છેશ' યા 'ભટ્ટારક' એમ તેમના માટે જણાવેલ છે.

## ૭. પદવીદાતા ગુરુ-સોમસુંદરસૂરિ.

ગ્રંથકારને સૂરિપદ આપનાર સોમસુંદરસૂરિ હતા, અને તેમના સં. ૧૪૯૯ માં થયેલા સ્વર્ગવાસ પછી આ મુનિસુંદરસૂરિ અને જયચંદ્રસૂરિ બંને પટ્ટધર થયા હતા. સં. ૧૫૨૪ માં રચાયેલા સોમસુંદરસૂરિના શિષ્ય પ્રતિષ્ઠાસોમના સોમસૌભાગ્ય કાવ્યમાં જણાવ્યું છે કે વૃદ્ધનગર(વડનગર–ગુજરાત)માં સમેલા નામનું તળાવ અને જીવંતસ્વામી તથા વીરના બે વિહારો નગરની શોભારૂપ હતાં, ત્યાં દેવરાજ, હેમરાજ અને ઘડસિંહ–ઘટસિંહ એ ત્રણે ભાઈઓ શ્રીમંત શ્રાવકો હતા. દેવરાજે ભાઈઓની સંમતિથી કરેલા ઉત્સવપૂર્વક સોમસુંદર સૂરિએ મુનિસુંદર વાચકને સૂરિપદ આપ્યું. (સં. ૧૪૭૬, ધર્મસાગર પટ્ટાવલીમાં સં. ૧૪૭૮); પછી દેવરાજે સંઘપતિ થઈને મુનિસુંદરસૂરિ સાથે શત્રુંજય અને ગિરિનારની યાત્રા કરી. (સર્ગ ૬, શ્લો. ૩૧થી ૫૯ ) (આ યાત્રા વખતે રચેલાં શત્રુંજય અને ગિરિનારના નાયકના સ્તવનોની રચ્યા સાલ મુનિસુંદરસૂરિ સં. ૧૪૭૬ આપે છે. જુઓ જૈન સ્તોત્ર રત્નકોશ સંબંધી હવે પછી જણાવેલ વિગત.) શ્રી સોમસુંદરસૂરિપટ્ટે શ્રીમાન્ મુનિસુંદરસૂરિ વિરાજ્યા, કે જે સૂરિને સૂરિમંત્રના સ્મરણથી પ્રાપ્ત થયેલ શક્તિ જગતને વિસ્મયકારી થઈ હતી. ( સોમસૌભાગ્ય કાવ્ય સર્ગ ૧૦, શ્લો. ૧ થી ૪). ગ્રંથકારે ગુર્વાવલીમાં સોમસુંદરસૂરિનું વર્ણન શ્લોક ૩૪૫,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૩૪૮ થી ૩૬૩, ૩૯૧ થી ૪૦૬ માં કર્યું છે. તે સૂરિએ પાંચને સૂરિપદવી આપી હતીઃ-(૧) મુનિસુંદરસૂરિ (૨) જયચંદ્રસૂરિ (૩) ભુવનસુંદરસૂરિ (૪) જિનસુંદરસૂરિ અને (૫) જિનકીર્તિસૂરિ. [ વીરવંશાવલીમાં ઉક્ત સં. દેવરાજ સંબંધી તથા તેણે મુનિસુંદરસૂરિનો પટ્ટોત્સવ કર્યો તે વખતે જ બીજા ત્રણને સૂરિપદ આપેલ હતું એમ જણાવેલું છે કેઃ— "તિહાં ( શ્રી વૃદ્ધનગરઇં ) પ્રાગ્વાટ વૃ. સં. દેવરાજે શ્રી અભિનંદન સ્વામીનઉ બિંબ સપ્ત ધાતુમયી નિપજાવ્યો. તે શ્રી સૂરિઇં ( સોમસુંદરસૂરિએ ) પ્રતિષ્ઠ્યો. તિણહિજ અવસરિ સં. દેવરાજિનઇં હર્ષિં, સ્વ ચ્યાર શિષ્યનઇં સૂરિપદ કીધા, તેહના નામ-પ્રથમ મોહનનંદન નામ શ્રી મુનિસુંદરસૂરિ નામ દીધો ૧. બીજા શિષ્ય જયઉદય નામ શ્રી જિનકીર્તિસૂરિ દીધો ૨. ત્રીજા શીષ્ય શ્રી ભુવનધર્મ નામ શ્રી ભુવનસુંદરસૂરિ દીધો ૩. ચોથા જયવંતહર્ષ તેહનો નામ શ્રી જિણસુંદરસૂરિ દીધો ૪. વિ. સં. ૧૪૭૮ વર્ષ છત્રીસ હજાર ટકા વ્યયઇં સૂરી પટ્ટોત્સવ કીધા." આ પરથી મુનિસુંદરસૂરિનું નામ મુનિ અને ઉપાધ્યાય તરીકે હતા ત્યારે **મોહનનંદન** હશે એમ જણાય છે. સૂરિપદ આપતાં ઘણી વખત મૂળ નામ બદલાય છે-એ રીતે અહીં ચારેનાં નામ બદલાયાં. ]

આમ દીક્ષા, વિદ્યા ને પદવી આપી થયેલા ગ્રંથકારના ત્રણ ગુરુઓનું સ્મરણ પોતે પોતાના ઉપદેશરત્નાકરના આરંભના ૯ થી ૧૧ શ્લોકમાં કરે છે.

**विश्वोत्तमंमहिमलब्धिगुणैरशेषै-**
**र्भास्वत्सु येषु किरणैरिव भानवत्सु !**
**सूक्ष्मोडुवन्ति निखिला अपि सूरयोऽन्ये,**
**श्रीदेवसुन्दरगणप्रभवो मुदे ते ॥ ९ ॥**
**यैर्मादृशोऽपि कठिनोपलसंनिभेऽस्मिन्,**
**गोभिर्व्यधायि वरबोधरसोद्भवः स्वैः ।**
**नव्यानिमानमृतदानपरान् सुधांशून्,**
**श्रीज्ञानसागरगुरून् प्रणतोऽस्मि भक्त्या ॥१०॥**
**मूर्त्ति सुधारसमयीमिव वीक्षमाणा,**
**येषां सुधाप्लवसुखं ददता दृशां ज्ञाः ।**
**अक्ष्णामवाप्य मतिकृत्त्वमुदासते ते,**
**श्रीसोमसुन्दरगणप्रभवो जयन्तु ॥ ११ ॥**

—મહિમા અને લબ્ધિરૂપ સર્વ વિશ્વોત્તમ ગુણોરૂપી કિરણોએ કરીને જે સૂર્યની પેઠે પ્રકાશિત હોતે છતે, બીજા બધા આચાર્યો સૂક્ષ્મ તારા સમાન લાગે છે એવા તે શ્રી દેવસુંદર ગણપ્રભુ-ગચ્છનાયક (મારા) હર્ષ માટે થાઓ. (૯) આ મારા જેવા કઠણ પત્થર જેવામાં પણ જેમણે પોતાના વચનોરૂપી કિરણોથી ઉત્તમ જ્ઞાનરૂપી રસની ઉત્પત્તિ કરી છે, તથા અમૃતનું દાન દેવામાં તત્પર એવા આ નવા ચંદ્ર સરીખા શ્રી જ્ઞાનસાગર ગુરુને હું ભક્તિપૂર્વક નમેલો છું. (૧૦) આંખોને અમૃતના છંટકાવનું સુખ આપનારા એવા જે છે અને જેની અમૃતરસમય મૂર્ત્તિને જોનારા વિદ્વાનો પોતાની આંખોનું કૃતકૃત્યપણું પામે છે એવા ગચ્છનાયક શ્રી સોમસુંદરસૂરિ જયવંતા વર્ત્તો. (૧૧)

અને તે ગ્રંથ અને બીજા પોતાના ગ્રંથની અંતે પણ પોતાને ઉક્ત ત્રણે સૂરિઓના શિષ્ય તરીકે તે જણાવે છે.

ગુજરાતના સુલતાન અહમદશાહના માન્ય ગુણરાજ સાધુના ભાઇ આમ્ર-આંબાએ શ્રી, સંપત્તિ આદિ તજી વૈરાગ્યવાન્ થઇ દેવસુંદરસૂરિ પાસે દીક્ષા લીધી હતી તેને મુનિસુંદર-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જીએ સં. ૧૪૬૫ માં પાઠકપદ આપ્યું હતું. (ચિત્રકૂટપ્રશસ્તિ શ્લોક ૪૫ ને ૪૬); જ્યારે સોમસૌભાગ્ય કાવ્ય સર્ગ ૮, શ્લોક ૧૯ થી ૨૨ પરથી લાગે છે કે તે આશ્રે ગુજરાતના કર્ણાવતીમાં સોમસુંદરસૂરિ પાસે દીક્ષા લીધી હતી. ચિત્રકૂટ પ્રશસ્તિ સં. ૧૪૯૫ માં એટલે સં. ૧૫૨૧ ના સોમસૌભાગ્ય કાવ્યથી ૨૫ વર્ષ પહેલાં રચાયેલી હોઇ તેનું વક્તવ્ય સ્વીકાર્ય છે.

## ૮. મુનિસુંદર ઉપાધ્યાયનું વર્ણન—

સોમસૌભાગ્ય કાવ્યમાં સૂરિપદ અપાતી વખતે છઠ્ઠા સર્ગના શ્લોક ૩૩ થી ૩૯ માં મુનિસુંદર વાચક–ઉપાધ્યાયના ગુણોનું વર્ણન કરતાં જણાવ્યું છે કે:[1]—

તેઓ એવા પ્રખર વાદી હતા કે 'જ્યારે તેઓ બુદ્ધિથી તરબોળ વિકલ્પ–તર્કના જાળવાળું ઘણું બોલે છે ત્યારે સંસ્કારયુક્ત મહોન્મત્ત વાદીઓનો સમૂહ કાગડાઓ ભાગે તેમ નાસી જાય છે, તેઓ વાદભૂમિ પર પોતાના સાધ્યને સાધવા હેતુ( કારણ )નો ઉપન્યાસ વિસ્તારે છે ત્યારે વાદીઓનો જેટલો ઉન્માદ હોય તે સઘળો શરીરના પરસેવા પેઠે ગળી જાય છે.' તેમનો ત્રૈવૈદ્યગોષ્ઠી નામનો ૧૯ વર્ષની વયે–ઉપાધ્યાય થયા પહેલાં રચેલો ગ્રંથ જોતાં તેમની વાદ–પદ્ધતિ અને તર્ક–દક્ષતા દેખાઇ આવે છે.

તેમનો ગુરુ ઉપર પરમ રાગ અને ભક્તિભાવ હતો. 'તેમણે રચેલી શ્રીગુરુની ભવ્ય કાવ્યમય વિજ્ઞપ્તિરૂપી ગંગા, ગુણરૂપી સારા તરંગોવાળી તથા કલિકાળના પાપના ઢગને ધોઇ નાંખનારી હતી અને વિદ્વાનોના સમૂહોને હર્ષિત કરી આકર્ષતી હતી.' આ વિજ્ઞપ્તિ તે એક ગ્રંથ જેવડી એકસો આઠ હાથ લાંબી હતી.[1] ને તેનું નામ 'ત્રિદશતરંગિણી' રાખ્યું હતું. તે સં. ૧૪૬૬ માં રચીને સ્વગુરુ દેવસુંદરસૂરિને મોકલવામાં આવી હતી. તે આખી હમણાં સુધી ઉપલબ્ધ થઇ નથી; પણ

---

૧. जल्पत्यनल्पं सविकल्पजालं सदाप्यनुस्यूतमतिप्रभूतं ।
श्राक् संस्कृतं प्रोन्मदवादिवृन्दं ननाश यस्मिन्
किल काकनाशम् ॥ ३३ ॥

स्वसाध्यसिध्द्यै सति यत्र हेतूपन्यासमातन्वति वादभूमौ ।
प्रावादुकोन्मादभरः शरीरे खेदेन सार्द्धं किल
जागलीति ॥ ३४ ॥

यन्निर्मिता श्रीगुरुभव्यकाव्य विज्ञप्तिगङ्गा गुणसत्तरंगा ।
प्रक्षालयन्ती कलिकश्मलौघं हृष्टानकार्षीत्सुमनः-
समूहान् ॥ ३५ ॥

येन प्रक्लृप्ताः स्तुतयः स्तवाश्च गाम्भीर्यमृत्नव्यसदर्थसार्थाः।
श्रीसिद्धसेनादि महाकवीनां कृतीर्मतीद्धा
अनुचक्रिरे ताः ॥ ३६ ॥

सद्युक्तिमृत्संस्कृतजल्पशक्तिः सहस्रनाम्नां कथनैकशक्तिः ।
तात्कालिकी नव्यकवित्वशक्तिर्न यं विनान्यत्र
समीक्ष्यतेऽद्या ॥ ३७ ॥

विद्या न सास्ते निरवद्यताभृत्-कला न सा
चास्ति वरा धरायां ।
यस्यां न यस्याङ्गिगणार्चितस्य बुद्धिर्विशुद्धा
प्रसरीसरीति ॥ ३८ ॥

मेधाविनः सन्ति परः सहस्रा अदूष्यवैदुष्यधरा धरायां ।
परं न कस्य प्रसरत्प्रकर्ष प्रज्ञस्य विज्ञस्य
तुल्याभृतः स्युः ॥ ३९ ॥

—સોમસૌભાગ્ય કાવ્ય સર્ગ ૬.

૧. સં. ૧૪૮૨ની જિનવર્દ્ધનગણિકૃત પટ્ટાવલીમાં કહેલ છે કે 'ભવિક જન પુરંદર, સૂરિ શ્રી મુનિસુંદર, જેહે ચીઠુડઉં કરી અઠોત્તર સઉ હાથ–પમાણુ, પરવાદી તણઉં ઊતારિઉં માણુ.'

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પૂર્વે ધર્મસાગર ઉપાધ્યાયે તેને જોઇ લાગે છે તેથી તેનું વર્ણન પોતાની પટ્ટાવલીમાં કર્યું છે કેઃ-'તેમાં પ્રાસાદ, પદ્મચક્ર, ષટ્કારક, ક્રિયા-ગુપ્તક, અર્દ્ધભ્રમ, સર્વતોભદ્ર, મુરજ, સિંહાસન, અશોક, ભેરી, સમવસરણ, સરોવર, અષ્ટમહા-પ્રાતિહાર્ય વિગેરે નવા ત્રણસો બંધ, તર્કપ્રયો-ગાદિ અનેક ચિત્રાક્ષરો, દ્વયક્ષર, પંચવર્ગ પરિહાર આદિ અનેક સ્તવોવાળી ત્રિદશ-તરંગિણીવિજ્ઞપ્તિ નામનો એકસો આઠ હાથનો લાંબો લેખ શ્રી ગુરુને મોકલ્યો હતો.[1] વળી તે પર્યુષણાપર્વમાં ખમાવવારૂપે હતો ને તેમાં ૩ સ્રોત અને ૬૧ તરંગ હતાં, એમ તે પૈકી ત્રીજા સ્રોતનો ગુર્વાવલી નામનો છેવટનો એક વિભાગ સૂરિ થયા પૂર્વે સં. ૧૪૬૬ માં રચેલો મળે છે તેના અંતભાગ પરથી જણાય છે.[2]

તેમણે અનેક સ્તુતિસ્તવનો રચ્યાં હતાં. 'ગાંભીર્યવાળાં નવાં, ઉત્તમ અર્થવાળી સ્તુતિઓ અને સ્તવનો, શ્રી સિદ્ધસેન આદિ મહાકવિઓની પ્રતિભાશાળી કૃતિઓનું અનુકરણ કરતાં હતા.' આ પૈકી કેટલાક છપાઈ ગયાં છે.

તેમનામાં સંસ્કૃત ભાષા યુક્તિપુરઃસર શબ્દોવાળી બોલવાની શક્તિ હતી અને તેઓ સહસ્રાવધાની તથા શીઘ્રકવિ હતા.-'સારી યુક્તિવાળી સંસ્કૃત (ભાષા) બોલવાની શક્તિ, એક સહસ્ર નામોને એક સાથે કહેવાની શક્તિ અને તાત્કાલિક નવ્ય કવિત્વની શક્તિ તેમનામાં હતી તેવી હાલ બીજા કોઈનામાં જોવામાં આવતી નથી. સર્વ વિદ્યા ને કળામાં તેમની બુદ્ધિ પ્રસરેલી હતી અને હાલ નિર્દોષ વિદ્વત્તાવાળા મેધાવી પુરુષો છે પરંતુ એમના જેવી વ્યાપક પ્રકર્ષપ્રજ્ઞાની સાથે તુલના કરે એવા નથી.' સહસ્રાવધાનીનો અર્થ એક સાથે હજાર વિષય પર ધ્યાન આપનારા થાય પણ અત્ર બતાવ્યું છે તેમ એક સાથે હજાર નામોને યાદ રાખી કહેનારા એ તેનો અર્થ છે. (સં. ૧૬૦૨ માં સોમવિમલની પટ્ટાવલી સજ્ઝાય 'જે સહસવધાની સહસ વાટલી નાદ, ઉલખીયા નિજમનિ જીતા પરમતવાદ' જણાવે છે.-ઐ. સજ્ઝાયમાલા પૃ. ૪૯; ધર્મસાગરે ૧૦૮ વાટકીઓના નાદને ઓળખવાની શક્તિ-વાળા બાલ્યાવસ્થામાં પણ સહસ્ર નામોને ધારનારા જણાવ્યા છે. દેવવિમલે પણ તેવું જ હીરસૌભાગ્ય કાવ્ય ૪, ૧૨૬ માં અને તે પરની ટીકામાં જણાવ્યું છે.)

તેમણે વડનગર પાસેના ઉમાપુરમાં છ વર્ષની વયે લક્ષ્મીસાગરને સં. ૧૪૭૦ માં દીક્ષા આપી (ગુરુગુણરત્નાકર કાવ્ય ૧,૮૩ ને ૮૪)

(ચાલુ)

---

१ येनानेकप्रासाद-पद्मचक्रषट्कारकक्रियागुप्तकार्द्धभ्रम-सर्वतोभद्र-मुरज-सिंहासनाशोकभेरी-समवसरणसरोवराऽष्टमहाप्रातिहार्यादि नव्यत्रिशतीबन्धतर्कप्रयोगाद्यनेकचित्राक्षरद्वयक्षरपञ्चवर्गपरिहाराद्यनेकस्तवमय-त्रिदशतरङ्गिणी विज्ञप्तिनामधेयाष्टोत्तरशतहस्तमितोलेखः श्रीगुरूणां प्रेषितः ।

२ रस रस मनुमित वर्षे १४६६ मुनिसुन्दर-सूरिणा कृता पूर्वम् । मध्यस्थैरवधार्या गुर्वालीयं जय-श्रीद्धा ॥ ४९३ ॥......—इति श्रीयुगप्रधानावतार श्रीमत्तपागच्छाधिराज बृहद्गच्छनायक पूज्याराध्य परमाप्त परमगुरु श्रीदेवसुन्दरसूरिगणराशिमहिमाऽर्णवानुगामिन्यां तद् विनेय श्रीमुनिसुन्दरगणिहृदयहिमवद्-वतीर्णे श्री गुरुप्रभावपद्महृदप्रभावायां श्री महापर्वाधिराज श्री पर्युषणापर्वविज्ञप्तित्रिदशतरङ्गिण्यां तृतीये श्रीगुरुवर्णनस्रोतसि गुर्वावलिनाम्नि महाहृदेऽनभिव्यक्तगणना एकषष्टिस्तरङ्गाः ।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

લેખક–મુનિશ્રી પુણ્યવિજયજી (સંવિજ્ઞપાક્ષિક)

# ચારિત્રાચારના સંક્ષેપમાં આઠ પ્રકાર.

( અષ્ટપ્રવચનમાતા. )

૧. **ઇર્યાસમિતિ**–પ્રકાશમાન એવા રસ્તા ઉપર યુગપ્રમાણ ભૂમિ જોઇને કાચી માટી, વનસ્પતિ, જળ, બીજ, સ્થાવર, કુંથુંવા, કીડી વિગેરે ત્રસ જંતુની રક્ષા માટે પગલે પગલે સારી રીતે જોઇને ચાલવું, સમ્યક્‌પ્રકારે જિન-પ્રવચનને અનુસારે આત્માની પ્રવૃત્તિરૂપ ચેષ્ટા કરવી તે પહેલી 'ઇર્યાસમિતિ.'

ગતિ કરવી તે પણ આલંબન, કાળ, માર્ગ અને યતના એ ચાર કારણે કરીને નિયમિત રીતે કરવી.

(૧) આલંબન–તે જ્ઞાનાદિક જાણવું. જ્ઞાન એટલે સૂત્ર અને તેનો અર્થ એ બન્ને રૂપ આગમ દર્શન અને ચારિત્ર તે પ્રત્યેક જ્ઞાનાદિકનો આશ્રય કરીને અથવા બે બેના સંયોગે કરીને ગમન કરવાની અનુજ્ઞા આપી છે, પરંતુ જ્ઞાનાદિકના આલંબન વિના જવું–આવવું થઇ શકે નહિ. ( બે બેના સંયોગે એટલે જ્ઞાન ને દર્શન અથવા જ્ઞાન ને ચારિત્ર અથવા દર્શન ને ચારિત્ર. આ આલંબન વિના ગતિ–વિહાર જવું–આવવાનો નિષેધ છે. )

(૨) કાળ–ગમનના વિષયને માટે દિવસે જ શ્રી જિનેશ્વરે કહેલો છે પણ રાત્રે નહિ.

(૩) માર્ગ–ઉન્માર્ગનો ત્યાગ કરીને લોકો પુષ્કળ ચાલતા હોય તેવો માર્ગ.

(૪) યતના–દ્રવ્ય, ક્ષેત્ર, કાળ ને ભાવ એ ચાર ભેદે છે. તે નીચે પ્રમાણે:––

૧. દ્રવ્યથી યતના એટલે યુગપ્રમાણ પૃથ્વીને આશ્રીને રહેલા જીવાદિક દ્રવ્યને નેત્ર-વડે જોવાં.

૨. ક્ષેત્રથી યતના એટલે યુગપ્રમાણ પૃથ્વીને જોઇને ચાલવું તે.

૩. કાળથી યતના એટલે જેટલો કાળ ગતિ કરવી તેટલો કાળ ઉપયોગ રાખવો.

૪. ભાવથી યતના એટલે ઉપયોગપૂર્વક ચાલવું તે અર્થાત્ શબ્દાદિક ઇંદ્રિયોના વિષયને તથા પાંચ પ્રકારના સ્વાધ્યાય(વાચના પૃચ્છનાદિ)–ને તજી દઇને ચાલવું તે. કેમકે તેનો ત્યાગ નહિ કરવાથી ગતિના ઉપયોગનો ઘાત થાય છે. ગતિ વખતે બીજો કોઇ પણ વ્યાપાર યોગ્ય નથી.

ગતિ વખતે જ ઇર્યાસમિતિ રાખવી એમ નહિ પણ બેઠા બેઠા હાલતાચાલતા ચેષ્ટા થાય છે ત્યાં પણ ઇર્યાસમિતિની જરૂર છે.

૨. **ભાષાસમિતિ**–સર્વ જીવોને હિતકારી અને દોષ રહિત તેમજ મિત (માનવાળું અલ્પ) વચન હોય તે ધર્મને માટે બોલવું. ક્રોધ, માન, માયા, લોભ, હાસ્ય, ભય, મુખરતા અને વિકથા એ આઠ સ્થાન વર્જીને ભાષા બોલવાનું સાધુને માટે કહેલું છે.

૩. **એષણાસમિતિ**–આધાકર્મી આદિ બેંતાલીશ દોષ ગોચરીના તથા પાંચ દોષ આહાર વાપરવા સંબંધીના એમ સુડતાલીશ દોષ રહિત આહારપાણી ધર્મયાત્રા માટે વાપરવા તે.

૪. **આદાનનિક્ષેપસમિતિ**—ધર્મના ઉપગરણો જોઇને પ્રમાર્જીને મૂકવા તે. રજોહરણ, મુખવસ્ત્રિકા, સંથારો, દાંડો અને બીજું કોઇ પ્રયોજન માટે લેવું પડે તે પડિલેહીને હસ્તાદિકમાં ગ્રહણ કરવા. પડિલેહણ કરતાં કરતાં પરસ્પર વાતો કરે અથવા દેશકથા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરે, પચ્ચખાણુ આપે, કોઇને વંચાવે, અથવા પોતે વાચના ગ્રહણુ કરે તો તેમ કરતાં પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાઉકાય, વનસ્પતિકાય તથા ત્રસકાય એ છએની પડિલેહણુમાં પ્રમાદી સાધુ વિરાધના કરે છે. (ઉપલક્ષણુથી પૌષધ કરનાર શ્રાવક)

૫. **પારિષ્ઠાપનિકાસમિતિ**—જીવ વગરના, પોલાણુ વિનાના પ્રદેશમાં જોઇને પૂંજીને મળમૂત્રાદિકનો ત્યાગ કરવો, રેલો ન ચાલે તેમ પૃથક્ પૃથક્ પરઠવવું તે.

**દૃષ્ટાંત**—કોઇ ગચ્છમાં ધર્મરુચિ નામના સાધુ હતા. તે એક વખત પરોપકારના કાર્યમાં વ્યગ્ર રહેવાથી સ્થંડિલની પ્રતિલેખના કરવી ચૂકી ગયા. રાત્રે પેસાબ કરવાની શંકા થવાથી વ્યથા થવા લાગી. તે વ્યથાથી,--પીડાથી પ્રાણુ જવાની તૈયારી હતી તેવામાં કોઇ દેવતાએ પ્રકાશ દેખાડયો તથા તેમણુ શુધ્ધ સ્થંડિલ (જીવાકુલ વિનાની શુધ્ધ ભૂમિ) જોઇ લીધું અને લઘુશંકા ટાળી. ત્યારપછી અંધકાર થયો તેનું મિથ્યા દુષ્કૃત આપ્યું. એ પ્રમાણે ધર્મરુચિ સાધુની જેમ પાંચમી સમિતિનું પાલન દ્રવ્યક્ષેત્રકાળાનુસારે કરવું જોઇએ.

૬. **મનોગુપ્તિ**—કલ્પનાના સમૂહરહિત સત્ય વસ્તુનું ચિંતવન કરીને જે મનની સ્થિરતા કરવી તે મનોગુપ્તિ કહેવાય છે. તેનાં ત્રણુ ભેદ છે. ૧ આર્ત્તરૌદ્રધ્યાનના અનુબંધવાળી, ૨ ધર્મધ્યાનના અનુબંધવાળી અને ૩ શુભ-અશુભ મનની સમગ્ર વૃત્તિઓનો નિરોધ કરીને આત્મરમણુતા કરવારૂપ. પહેલો ભેદ સર્વથા ત્યાજ્ય છે અને બે ભેદ ઉપાદેય છે

૭. **વચનગુપ્તિ**—સંજ્ઞાદિકનો ત્યાગ કરીને સાધુ જે મૌન ધારણુ કરે અથવા વાણીની વૃત્તિનો નિરોધ કરે તે વચનગુપ્તિ કહેવાય છે. તેના બે પ્રકાર છે.

(૧) ચેષ્ટા વિગેરે કરીને પોતાના કાર્યનું સૂચન કરવું અને મૌનનો અભિગ્રહ કરવો તે નિષ્ફળ જ છે.

(૨) વાચના, પૃચ્છના અને બીજાના પ્રશ્નના જવાબમાં લૌકિક આગમના વિરોધ રહિત મુહપત્તિથી મુખનું આચ્છાદન કરીને બોલતાં છતાં વાગ્વૃત્તિને જે નિયમમાં રાખવી તે.

જે સમિતિવાન્ (ભાષાસમિતિવાન્) હોય તે અવશ્ય ગુપ્તિવાળો હોય છે અને જે ગુપ્તિવાળો હોય તેને સમિતિની ભજના હોય છે. તેથી જે યથાર્થ વચન બોલનાર હોય તેને સમિતિ અને ગુપ્ત બન્ને હોય છે.

૮. **કાયગુપ્તિ**—આગમને અનુસારે કાયગુપ્તિ બે પ્રકારની છે. પહેલી સર્વથા ચેષ્ટાની નિવૃત્તિ લક્ષણવાળી અને બીજી ચેષ્ટાના નિયમ લક્ષણવાળી.

પહેલી કાયગુપ્તિ-દેવ, મનુષ્ય, તિર્યંચે પોતાના કરેલા આસ્ફાલન, પતન વિગેરે ચાર પ્રકારના ઉપસર્ગનો તથા ક્ષુધા, તૃષા વિગેરે પરિષહોનો સંભવ છતાં દેહને નિશ્ચળ રાખવો તે.

બીજી કાયગુપ્તિ-શયન, આસન, નિપેક્ષ (મૂકવું), આદાન (લેવું) વિગેરેમાં સ્વચ્છંદપણાનો પરિહાર કરીને શાસ્ત્રોક્ત ક્રિયાપૂર્વક કાયચેષ્ટાને નિયમમાં રાખવી તે. તેમાં શયન તે રાત્રિને વિષે જ કરવું પણુ દિવસે નહિ, રાત્રિએ પણુ પ્રથમ પ્રહર વ્યતીત થયા પછી ગુરુની આજ્ઞા લઇને, ભૂમિને પુંજીને, સંથારાના બે પડ ભેગા કરીને (સંથારો ને ઉત્તરપટ્ટો એમ બે, ત્રીજું નહિ), મસ્તક, શરીર, પગ વિગેરે મુખવસ્ત્રિકા તથા રજોહરણુવડે પુંજીને પછી આજ્ઞા આપેલા સંથારા પર બેસી પોરસી ભણવી. જે સ્થાને બેસવાની ઇચ્છા હોય તે સ્થાન ચક્ષુથી પુંજીને બેસવાનું આસન પાથરીને બેસવું. અશુધ્ધ સ્થંડિલ હોય તો કાયગુપ્તિ વિશેષે કરવી. તે ઉપર દૃષ્ટાંત-કોઇ એક સાધુએ સાર્થ સાથે વિહાર કર્યો. એક દિવસ અરણ્યમાં મુકામ થયો. તે અરણ્યમાં ભૂમિ બહુ જીવવ્યાકુલ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હોવાથી શુધ્ધ સ્થંડિલ મળ્યું નહિ, તેથી તે સાધુ રાત્રિએ એક પગ પૃથ્વી પર રાખી ઊભા રહ્યા. તે જોઈને ઇંદ્રે સભામાં તે સાધુની પ્રશંસા કરી. તે સાંભળીને મિથ્યાદૃષ્ટિ દેવતાએ સિંહરૂપે આવી ચપેટાથી પ્રહાર કર્યા. તે ચપેટાથી પડી જતાં સાધુએ વારંવાર પ્રાણીની વિરાધનાનો સંભવ જાણીને મિથ્યાદુષ્કૃત આપ્યું. દેવતા પ્રગટ થયો, સાધુની પ્રશંસા કરી ખમાવ્યા. આવી રીતે સાધુએ કાયગુપ્તિ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, અને ભાવ શક્તિ અનુસારે ધારણ કરવી જોઇએ.

ઉપર કહેલી યુક્તિથી ત્રણે ગુપ્તિનું મુનિએ પાલન કરવું જોઇએ. તે વિષે દષ્ટાંત--

કોઇ એક નગરમાં એક સાધુ શ્રાવકને ઘેર ભિક્ષા લેવા ગયા. તેને તે શ્રાવકે નમન કરીને પૂછયું: હે પૂજ્ય ! તમે ત્રણ ગુપ્તિએ ગુપ્ત છો ? તેના જવાબમાં મુનિએ કહ્યું કે-હું ત્રણ ગુપ્તિએ ગુપ્ત નથી. શ્રાવકે કારણ પૂછયું. એટલે મુનિએ કહ્યું કે-એક દિવસ કોઇને ઘેર ભિક્ષાએ ગયો. ત્યાં તેની સ્ત્રીની વેણી જોઇ તેથી મને મારી સ્ત્રીનું સ્મરણ થયું, માટે મારે મનોગુપ્તિ નથી. એકદા શ્રીદત્ત નામના ગૃહસ્થને ઘેર ભિક્ષા માટે ગયો હતો. તેણે મને યોગ્ય જાણી કેળાં વહોરાવ્યા. ત્યાંથી હું બીજે ઘેર ગયો. તે બીજા ઘરવાળાએ મને આ કેળા કોણે આપ્યાં ? એમ પૂછયું એટલે મેં સત્ય વાત જણાવી. તે શ્રાવક પેલા કેળા આપનાર શ્રાવકનો દ્વેષી હતો. પરંપરાએ દ્વેષ વધ્યો. શ્રીદત્તને રાજાએ શિક્ષા કરી તેથી મારે વાગ્ગુપ્તિ નથી, કેમકે શ્રેષ્ઠિને દંડ કરાવવામાં હું કારણભૂત થયો. એકદા વિહાર કરતાં અરણ્યમાં ગયો. ત્યાં થાકી જવાથી નિદ્રા પામ્યો. તે ઠેકાણે સાર્થ આવીને રહ્યો. રાત્રિએ સાર્થપતિએ કહ્યું કે-હે માણસો ! પ્રાતઃકાળે અહીંથી વહેલા ચાલવું છે, માટે વેલાસર ભોજન સામગ્રી તૈયાર કરી લ્યો. તે સાંભળી સૌ રસોઇ કરવા લાગ્યા. ત વખતે અંધકાર હોવાથી એક માણસે મારા મસ્તક પાસે પત્થર મુકીને ચુલો કર્યો. પછી અગ્નિ સળગાવ્યો. તે અગ્નિની ગરમી લાગવાથી મેં મારૂં મસ્તક લઇ લીધું તેથી મારે કાયગુપ્તિ પણ નથી માટે હું ભિક્ષાને યોગ્ય મુનિ નથી. આ પ્રમાણે તે મુનિના સત્ય ભાષણથી શ્રેષ્ઠિ બહુ હર્ષ પામ્યો અને મુનિને પ્રતિલાભ્યા. આ પ્રમાણે બીજા સાધુએ પણ જેવી રીતે પોતામાં હોય તેમ સત્ય જણાવવું જોઇએ.

આ આઠે પ્રવચનની માતાઓ કહેવાય છે. તે સમગ્ર દ્વાદશાંગીને ઉત્પન્ન કરનાર છે, કેમકે તે આઠમાં સમસ્ત પ્રવચન અંતર્ભાવ પામે છે. પહેલી સમિતિમાં પહેલા વ્રતનો સમાવેશ થાય છે અને તે વ્રતની વાડ સમાન બાકીના વ્રતો હોવાથી તે પણ તેમાં જ અંતર્ભાવ પામે છે. ભાષાસમિતિ સાવદ્ય વાણીનો પરિહાર કરીને નિરવદ્ય વાણી બોલવારૂપ છે, તેથી તે સમિતિમાં સમગ્ર વચનના પર્યાય આવી ગયા; કેમકે દ્વાદશાંગી કાંઇ વચનપર્યાયથી ભિન્ન નથી. એ પ્રમાણે એષણાસમિતિમાં પણ સ્વબુધ્ધિથી ભાવના કરવી.

પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિથી પવિત્ર એવું જે ચારિત્ર તે જ સમ્યક્ ચારિત્ર છે.

જ્ઞાનદર્શન વિના ચારિત્ર હોય જ નહિ અને અર્થથી જ્ઞાન દર્શન એ ચારિત્રથી ભિન્ન છે જ નહિ, તેથી આ આઠે પ્રકારમાં સર્વ પ્રવચનનો સમાવેશ થાય છે, માટે ચારિત્રધારી મુનિઓએ પ્રમાદનો ત્યાગ કરીને આ આઠે પ્રવચન માતાની ઉપાસના કરવી જોઇએ કેમકે આઠેમાં સર્વ પ્રવચનનું રહસ્ય સમાયેલુ છે

[ લેખક પોતે કથે છે કે-હું ત્રિગુપ્તિએ ગુપ્ત નથી, તેમજ સમિતિમાં પણ ઉપયુક્ત ભાવે નથી, પ્રમાદશીલ-શિથિલ છું-પાળી શકવા સમર્થ નથી. ]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વર્તમાન સમાચાર.

## શેઠ શ્રી ગુલાબચંદ આણંદજી.



આ સભાના માનનીય પ્રમુખ **શેઠ શ્રી ગુલાબચંદભાઇની** ભાવનગરના નામદાર મહારાજા સાહેબે રાજ્યની ધારાસભાના સભ્ય તરીકે હાલમાં નિમણૂંક કરી છે, જે માટે આ સભા પોતાનો સંપૂર્ણ આનંદ વ્યક્ત કરે છે.

આ સભાના તેઓશ્રી ઘણા વર્ષથી પ્રમુખ છે. તેઓશ્રીની પ્રમુખ તરીકેની નિમણૂંક સભાએ કર્યા પછી સભાની દિવસાનુદિવસ વિશેષ પ્રગતિ થયેલી છે. તેઓશ્રીના પ્રત્યે સર્વ સભ્યો સંપૂર્ણ માન ધરાવે છે, તેમજ તેમના બહોળા સ્નેહીમંડળનો પણ તેટલો જ પ્રેમ હોવાથી આ સભાની જેમ સ્નેહીઓ માટે પણ આનંદજનક પ્રસંગ કહેવાય.

શેઠ શ્રી ગુલાબચંદભાઇ આ સભાના પ્રમુખ હોવા સાથે શ્રી જૈન ભોજનશાળાના પ્રમુખ અને શ્રી ઉજમબાઇ જૈન કન્યાશાળાના પણ ઘણા વર્ષોથી તેઓ ટ્રસ્ટી હોવાથી તે ખાતાઓમાં તેમની સેવા જાહેર છે. એમનો સ્વભાવ માયાળુ, સરલ અને તેમનામાં કાર્યવાહકપણું હોવાથી આ રાજ્યના અધિકારીવર્ગનો મોટો ભાગ તેમને એક સજ્જન પુરુષ ગણે છે. તેથી જ આ રાજ્યે આજથી અઢાર વર્ષ પહેલાં તેઓની ઓનરરી માજીસ્ટ્રેટ તરીકે નિમણૂંક કરેલી જે રાજ્યની સેવા સ્વીકારી છે. હાલ મેજીસ્ટ્રેટની બેંચમાં તેઓ પ્રેસીડેન્ટનો હોદ્દો ભોગવે છે. ઉપરના અધિકારી સાહેબો તેઓના આ કાર્ય માટે સંતોષ ધરાવે છે. જાહેર ખાતાઓમાં શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગશાળા, શ્રી ભાવસિંહજી કલબ, શ્રી ભાવનગર રાષ્ટ્રિય શાળા, રેડ ક્રોસ સોસાયટી, આ રાજ્યની જાહેર બારટન લાઇબ્રેરી વિગેરે ખાતાઓની કમિટીમાં સભ્ય હોઇ ત્યાં પણ બનતી સેવા કરે છે. આટલા તેઓ આપબળે જ આગળ વધ્યા છે.

## શેઠ ભોગીલાલ મગનલાલ.

### મેનેજર, મહાલક્ષ્મી મિલ્સ, ભાવનગર.

શ્રી ભોગીલાલભાઇની પણ નામદાર દરબારશ્રીએ ધારાસભાના સભ્ય તરીકે કરેલી નિમણૂંક આ સભાના તેઓ માનનીય લાઇફ મેમ્બર હોવાથી પણ આ સભા આનંદ જાહેર કરે છે.

For Private And Personal Use Only

રા. ભોગીલાલભાઇએ શેઠ હરગોવિંદદાસની મિલના મેનેજર નીમાયા પછી શેઠ હરગોવિંદદાસનો સંપૂર્ણ વિશ્વાસ અને પ્રેમના સદુપયોગ તરીકે મિલની વૃધ્ધિ-આબાદી કરવા સાથે મિલ ઘરની કરી દીધી છે, જે તે ધંધામાં તેમનું કુશળપણું બતાવે છે.

શ્રીયુત ભોગીલાલભાઇ પણ ધર્મશ્રધ્ધા સાથે આર્થિક સંપત્તિ વધતી જતાં સમયને ઓળખી શકયા છે. અને દાનનો પ્રવાહ દયા સાથે દરેક કાર્યોમાં વહેતો કર્યો છે. તેઓ માયાળુ અને મિલનસાર છે. રાજ્યમાં પણ માન-સન્માન સારું હોવાથી સીવીક ગાર્ડ જેવા જાહેર ખાતાઓમાં રાજ્ય તેઓની નીમણુંક કરે છે. મિલમજુરોની ઉપર અનુકંપાદષ્ટિ હોવાથી પ્રસુતિગૃહ, દવાખાનું વિગેરે ખાતા મિલમાં ઉઘાડ્યા છે.

## વોરા ખાંતિલાલ અમરચંદ.

**જૈન સમાજમાંથી** ત્રીજા ગૃહસ્થ શ્રી ખાન્તિલાલભાઇની પણ નીમણુક ધારાસભાના સભ્ય તરીકે આ રાજ્યે કરી છે. ભાઇ ખાંતિલાલ, વોરા અમરચંદભાઇ જસરાજ કે જેઓ અત્રેના જૈન સંઘ અને વીશાશ્રીમાળી જ્ઞાતિના શેઠ અને ધર્મી પુરુષ તરીકે સમાજમાં જાહેર હતા, તેઓના પુત્ર છે. ભાઇ ખાંતિલાલ ધર્મનિષ્ઠ અને દેવગુરુધર્મના ભકત છે. જૈન સમાજમાં આ ત્રણ બંધુઓની થયેલી નિમણુંક માટે જૈન સમાજે પણ ખુશી થવા જેવું છે.

---

## પંજાબ સમાચાર.

### ગુજરાંવાલામાં શાસનોન્નતિનાં કાર્યો.

અમારા પ્રબલ પુણ્યોદયે પૂજ્યપાદ આચાર્યવર્ય **શ્રીમદ્વિજયવલ્લભસૂરીશ્વરજી** મહારાજ પોતાની શિષ્યમંડળી સાથે અત્રે પધારતાં શ્રી સંઘમાં અને નગરજનોમાં ઉત્સાહ-જાગૃતિ આવી રહી છે. આચાર્યશ્રીજીના વ્યાખ્યાનમાં દરરોજ જૈનો ઉપરાંત હિન્દુ-મુસલમાન-શીખ વિગેરેની હાજરી ધ્યાન ખેંચનારી હોય છે.

આચાર્યશ્રીજીના પ્રભાવશાળી ઉપદેશના પ્રતાપે ઘણા હિન્દુ-મુસલમાનોએ માંસાહારનો ત્યાગ કર્યો છે અને મૌલવી એહમદીન બટ્ટ આદિ મુસલમાન ભાઇઓએ ઇદના દિવસે પણ વ્યાખ્યાનમાં હાજરી આપી હતી અને એમના સગાસ્નેહીઓ, ન્યાતના ભાઇઓનો અત્યાગ્રહ હોવા છતાં પોતાની પ્રતિજ્ઞામાં દઢ રહ્યા હતા અને માંસભક્ષણ ન કર્યું.

શ્રી આત્માનદ જૈન ગુરુકુળની નવી બંધાતી બીલ્ડીંગમાં વિદ્યાર્થીઓ આદિને પ્રભુપૂજા માટે તેમ જ શહેરમાં બાઇઓને પ્રભુપૂજા-સેવા-ભકિત માટે-એમ બે દહેરાસરોનું મુહૂર્ત પોષ વદિ છટ્ઠે સાનંદ કરાવવામાં આવ્યું.

વસંતપંચમીએ આચાર્યશ્રીજીની હાજરીમાં શ્રી આત્માનંદ જૈન ગુરુકુળનો વાર્ષિક મેળાવડો સરદાર **લાભ**સિંહજીની અધ્યક્ષતામાં થયો. વિદ્યાર્થીઓના સંવાદો સાથે ભાષણો થયાં. આચાર્યશ્રીજીએ વિદ્યાર્થીઓ અને માસ્તરોના કર્ત્તવ્ય વિષે ઉપદેશ આપ્યો. અધ્યક્ષ મહાશયે ટૂંકમાં સુંદર વિવેચન કર્યું હતું. રાતના પણ મેળાવડો થયો હતો.

લાલા **પ્યા**રાલાલજી બરડ, લાલા **સા**દીલાલજી લોઢા અને લાલા **હં**સરાજજીના તરફથી ભરાવેલ શ્રી સિધ્ધાચલજીના પટ્ટની તથા ગુજરાંવાલા શ્રી સંઘે ભરાવેલ શ્રી ગૌતમસ્વામીજી મહારાજની અને અંબાલાનિવાસી સુપ્રસિધ્ધ ગુરુભક્ત લાલા ગંગારામજીના પુણ્યાર્થે-લાલા બનારસીદાસજી વિજયકુમારે ભરાવેલ ન્યાયામ્ભોનિધિ જૈનાચાર્ય **શ્રીમદ્વિજયાનંદસૂરીશ્વરજી**(આત્મારામજી) મહારાજની દિવ્ય મૂર્તિની તેમજ સ્વ. આચાર્ય **શ્રીમદ્વિજયકમલસૂરીશ્વરજી** મહારાજની ચરણપાદુકા લાલા **મા**ણેકચંદજી છોટાલાલજીએ ભરાવેલ મૂર્તિની પ્રતિષ્ઠા મહા સુદિ છઠે આચાર્યજીના વરદ હસ્તે શ્રી સમાધિમંદરમાં થઇ.

મહા સુદિ નવમીએ દાદુપંથીઓનું કીર્તન સંમેલન હોવાથી એઓના આગેવાને આચાર્યશ્રીજીને સંમેલનમાં પધારી ઉપદેશામૃતનું પાન કરાવવા આગ્રહભરી વિનંતિ કરી. આચાર્યશ્રીજી પણ એઓની

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિનંતિનો સ્વીકાર કરી શ્રી સંઘ સહિત પધાર્યા અને સંપ–માંસત્યાગ ઉપર મનનીય ઉપદેશ આપ્યો. એનો જનતા ઉપર ઘણો જ સારો પ્રભાવ પડ્યો હતો.

સરકારે પંજાબભરના વેપારીઓ પર સેલ ટેક્સ નાંખેલ હોઇ પંજાબભરના વેપારીઓએ હડતાલો પોષ વદિ સાતમથી પાડેલ હોવાથી સર્વે કોમોના ભાઇઓને રાહત મળે એ આશયથી ગુજરાંવાલા શ્રી સંઘે સસ્તા લોટની દુકાન પોષ વદિ આઠમથી ઉઘાડી–ખુલ્લી મૂકી છે. એનો લાભ લેવા માટે હિન્દુ–મુસલમાનોની ભારે ભીડ રહે છે. દરરોજ પ્રાયઃ સાતસો રૂપયાનો લોટ વેચાય છે. આ કામમાં શ્રી આત્માનંદ જૈન સેવકમંડળ ખૂબ રસ લઈ રહેલ છે. શ્રી બુધ્ધિવિજયજી જૈન લાઇબ્રેરીનું મકાન તૈયાર થઇ ગયું છે. હવે એની ઉદ્ઘાટન ક્રિયા થવાની છે.

આવી રીતે આચાર્યશ્રીજીના સદુપદેશથી શાસનોન્નતિના કાર્યો થતાં રહ્યા છે.

અત્રેથી વિહાર કરી આચાર્યશ્રીજી લાહોર થઇ કસૂર પધારશે. ત્યાંના નવીન શ્રી જિનમંદિરજીની પ્રતિષ્ઠાનો વિચાર છે.

---

## શ્રી મૂળચંદજી મહારાજની જયંતિ ફંડ.

આ સભા તરફથી ગુરુભક્તિ તરીકે પ્રાતઃસ્મરણીય પૂજ્યપાદ શ્રી મૂળચંદજી મહારાજની દરેક વર્ષે ઉજવાતી જયંતી ફંડમાં રૂા. ૧૨૫) અંકે એકસો પચીસ આ સભાના પ્રમુખ શેઠશ્રી ગુલાબચંદભાઈ આણંદજીએ ભર્યા છે. ફંડ ચાલુ છે. ગમે તે ગુરુભક્ત જૈનબંધુ આ ફંડમાં રકમ ભરી શકે છે.

---

## માલેગાવમાં નિમાએલી ઐક્ય સમિતિની બેઠક.

આજથી દશેક મહિના ઉપર માલેગાવ મુકામે અમુક ધાર્મિક સમારંભ નિમિત્તે એકત્ર થયેલા શ્વેતાંબર મૂર્તિપૂજક જૈનોએ શ્રી જૈન કોન્ફરન્સે બાળદીક્ષા વિરોધી ઠરાવો કરેલા જેથી શ્વેતાંબર મૂર્ત્તિપૂજક વિભાગમાં પડી ગયેલા પક્ષોને એકત્ર કરવાના હેતુથી શેઠ કસ્તૂરભાઇ લાલભાઇના પ્રમુખપણા નીચે બંને પક્ષના લગભગ ત્રીશેક સભ્યોની એક ઐક્ય સમિતિ નીમાઇ હતી. એ સમિતિએ થોડા દિવસ પહેલાં મળીને નીચે મુજબના સમાધાન માટે બે ઠરાવો કર્યા છે.

**ઠરાવ ૧.** "શ્રી જૈન શ્વેતાંબર મૂર્ત્તિપૂજક કોન્ફરન્સ સને ૧૯૩૪માં અમદાવાદ મુકામે સાધુ સંમેલને કરેલા દીક્ષા સંબંધી ઠરાવને વધાવી લે છે અને તેણે (કોન્ફરન્સે) અથવા તેની કોઇ પણ પેટા સમિતિએ કરેલા વડોદરા રાજ્યના દીક્ષા સંબંધના અને બીજા દીક્ષા સંબંધના ઠરાવો આથી રદ કરે છે.

આ ઠરાવ શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સે પાસ કરવાનો છે.

**ઠરાવ ૨.** ઐક્ય સમિતિ જૈન સમાજને ભારપૂર્વક ભલામણ કરે છે કે જૈન શ્વેતાંબર મૂર્ત્તિપૂજક ધર્મના સિધ્ધાંતો અને પ્રચલિત અનુષ્ઠાનો જે પ્રમાણે માન્ય રખાતા આવ્યા છે, તે પ્રમાણે જૈન સંસ્થાઓ તેને માન્ય રાખશે એટલું જ નહિ પણ તેના અધિકારી કે હોદ્દેદારો તરફથી તેને હીણપત પહોંચે તેવું બોલવા કે લખવામાં આવશે નહિ. આ ઠરાવ શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ અને ધી યંગમેન્સ જૈન સોસાયટીએ પાસ કરવાનો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




## "જૈનાચાર્ય શ્રી ૧૦૦૮ શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરજી."

[ શ્રી આત્મારામજી મહારાજ. ]

### ૭૨ અર્થી કાવ્ય.

આજથી પચાસ વર્ષ ઉપર સં. ૧૯૪૮ અશાડ શુદ ૧૦ના રોજ પરમહંસ શ્રી યોગજીવાનંદ સરસ્વતી કે જે વેદધર્મના પારંગત સ્વામીજી હતા તેમણે શ્રી આત્મારામજી મહારાજનાં પરિચયમાં આવતાં, ઉપદેશ શ્રવણ કરતાં આચાર્ય મહારાજકૃત જૈન તત્ત્વાદર્શ, અજ્ઞાનતિમિરભાસ્કર વિગેરે ગ્રંથો વાંચતા મહારાજના ત્યાગ–જ્ઞાન ઉપર શ્રદ્ધા થતાં એક પત્ર ઉપર નિમિત્તે એમણે આચાર્ય મહારાજ ઉપર લખ્યો હતો. તેમાં નીચે લખેલ એક શ્લોક ( માલાબંધ ૫૧ અર્થગર્ભિત કાવ્ય લખેલ છે) મહારાજની સ્તુતિ–પ્રશંસાનો છે, જેના ઉપર શ્રીમાન પંડિત વૈજનાથ શર્મા–શાસ્ત્રી, ભિષગાચાર્યે ટીકા કરેલ છે જેના ૭૨ અર્થ જુદા જુદા થાય છે, તે ઘણા વર્ષોથી અપ્રકટ દશામાં પડેલ હતા તે ટીકા અને હિંદી ભાષામાં અર્થ સાથે આ ગ્રંથમાં બાબુ જશવંતરાય જૈનીના પ્રયાસથી અંબાલાનિવાસી લાલા લાલચંદજીના ધર્મપત્ની શ્રી દ્રૌપદીના ટ્રસ્ટીઓની સહાયથી પ્રકટ થયેલ છે. વિદ્વાન પંડિતો પોતાની વિદ્વત્તાવડે શું શું કરે તે આવા ચમત્કારિક, મધુર સુંદર કાવ્યોના પઠનપાઠનથી જણાય છે. આચાર્ય મહારાજના જીવનના આવા સુંદર પ્રસંગો, જૈનેતર વિદ્વાનોના પરિચયો વિગેરે જાણવા યોગ્ય અનેક છે, તેમાંથી આ પણ એક છે.

ઉપરોક્ત જણાવ્યા પ્રમાણેનો ૭૨ અર્થી શ્લોક નીચે પ્રમાણે છે.

**योगाभोगानुगामी द्विजभजनजनिः**
**शारदारक्तिरक्तो,**
**दिग्जेताजेतृजेतामतिनुतिगतिभिः**
**पूजितो जिष्णुजिह्वैः ।**
**जीयाद्वायादयाश्री खलबलदलनो**
**लोललीस्वलज्जः;**
**केदारौदास्यदारी विमलमधुमदोद्दामधामप्रमत्तः ॥**

## શ્રી મહાવીર જૈન વિદ્યાલય રજત મહોત્સવ સ્મારક અંક.

આજથી પચીશ વર્ષ ઉપર પ્રાતઃસ્મરણીય **આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ**શ્રીની પ્રેરણા અને ઉપદેશવડે શ્રી મુંબઇમાં શ્રી મહાવીર વિદ્યાલયનું સ્થાપન થયું હતું. ઉચ્ચ કેળવણીને ઉત્તેજન આપવા અને શ્રાવકક્ષેત્રની ઉન્નતિ કેમ થાય તે સમયોચિત જરૂરીયાત સમજી અનેક કેળવણીની સંસ્થાઓ મુંબઈ ઈલાકામાં જૂદા જૂદા સ્થળોએ જેમના ઉપદેશવડે સ્થાપિત થઇ છે એવા મહાપુરુષ આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજની અમીભરી દૃષ્ટિ અને આશીર્વાદનું જ ફળ છે એમ મહાવીર વિદ્યાલયનો આ પચીશ વર્ષનો તેની કાર્યવાહીનો રિપોર્ટ વાંચતા ખાસ જણાય છે. જૈન ગૃહસ્થોની ઉદારતાને પણ આભારી છે. સુમારે અઢીસેંહ ગ્રેજ્યુએટો અને તેથી ઊતરતી કેળવણી પણ કેટલાક જૈન વિદ્યાર્થીઓએ લીધેલ છે. આવી સંસ્થાની જરૂરીયાત હતી તે તેના આ ઊજવાયેલા રજત મહોત્સવથી જણાય છે. સ્મારક અંકમાં જૈન અને જૈનેતર વિદ્વાનોના લેખો અને જૈન ગૃહસ્થોના લેખો અને મુનિ મહારાજાઓના લેખો પૈકી કેટલાક વાંચવા જેવા છે.

આવી સંસ્થા હિંદમાં જૈન વસ્તીવાળા દરેક પ્રાંતો ને જીલ્લામાં સ્થાપિત થવાની જરૂર છે.

કિંમત રૂા ૩–૦–૦ પોસ્ટેજ જૂદું. મુંબઇ શ્રી મહાવીર જૈન વિદ્યાલય, ગોવાલીયા તલાવના સરનામે મળી શકશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી વાસુપૂજ્ય ( પ્રભુ ) ચરિત્ર.

## ( શ્રી વર્ધમાનસૂરિકૃત. )

૫૪૭૪ શ્લોકપ્રમાણ, મૂળ સંસ્કૃત ભાષા અને સુંદર શૈલીમાં વિસ્તારપૂર્વક જુદા જુદા આગમો તથા પૂર્વાચાર્યોકૃત અનેક ગ્રંથોમાંથી દોહન કરી **શ્રીમાન વર્ધમાનસૂરિજીએ સં. ૧૨૯૯ ની સાલમાં** લખેલો આ અપૂર્વ ગ્રંથ છે. રચનાર મહાત્માની કવિત્વશક્તિ અદ્દભુત છે, તે તેમાં આવેલ સર્વ પ્રકારના રસોની પરિપૂર્ણતા જ બતાવી આપે છે. તેનું આ સાદું, સરલ અને સુંદર ભાષાંતર છે. ઊંચા એન્ટીક કાગળો ઉપર સુંદર ગુજરાતી અક્ષરોમાં છપાવેલ છે.

આ ગ્રંથમાં પ્રભુના ત્રણ ભવો, પાંચ કલ્યાણકો અને ઉપદેશક જાણવા યોગ્ય મનનીય સુંદર બોધપાઠો, તત્ત્વજ્ઞાન, તપ વગેરે સંબંધીની વિસ્તૃત હકિકતોના વર્ણનો સાથે પુણ્ય ઉપર પુણ્યાઢ્ય ચરિત્ર, રાત્રિભોજન ત્યાગ અને આદર, બારવ્રત, રોહિણી આદિની અનેક સુંદર, રોચક, રસપ્રદ, આહ્લાદક કથાઓ આપેલી છે, કે જેમાંની એક કથા પૂરી થતાં બીજી વાંચવા મન લલચાય છે અને પૂરી કરવા ઉત્સુકતા થાય છે. તે તમામ કથાઓ ઉપર ગ્રાહ્ય અને સુંદર ઉપદેશ પણ સાથે આપેલ છે. પ્રભુના ત્રણ ભવોના-જીવનના નહિ પ્રગટ થયેલ જાણવા જેવાં અનેક પ્રસંગો અને કેવળજ્ઞાન પ્રાપ્ત થયા પછી પ્રભુએ સ્થળે સ્થળે વિચરી આપેલ વિવિધ વિષયો ઉપર આદરણીય દેશનાઓ એ તમામ આ ગ્રંથમાં આપવામાં આવેલ છે.

એકંદરે આ ચરિત્ર પહેલેથી છેલ્લે સુધી મનનપૂર્વક વાંચવા જેવું અને પઠનપાઠનમાં નિરંતર ઉપયોગ કરવા યોગ્ય છે, જેને માટે વિશેષ લખવા કરતાં અનુભવ કરવા જેવું છે.

**કિંમત રૂ. ૨-૮-૦ પોસ્ટેજ જુદું.**

( આ ગ્રંથ માટે મુનિમહારાજાઓ વગેરેના જે સુંદર અભિપ્રાયો મળે છે તેની નોંધ માસિકમાં આપવામાં આવે છે. )

## ખાસ વાંચવા લાયક જૈન ઐતિહાસિક ગ્રંથ-
## " શ્રી કુમારવિહાર શતક. "

### ( મૂળ, અવચૂરિ અને સવિસ્તર ગુજરાતી ભાષાંતર સાથે )

આ ગ્રંથના મૂળ કર્તા શ્રીમાન્ રામચંદ્ર ગણિ કે જેઓ કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યના મુખ્ય વિદ્વાન શિષ્ય હતા. જેમણે આ ગ્રંથ બારમા સૈકાના અંતમાં બનાવ્યો છે, તેના ઉપર શ્રી સોમચંદ્રસૂરિના પરિવારમાં થએલા સુધાભૂષણ ગણિએ અવચૂરિ (સંસ્કૃતમાં) બનાવી છે. તે બંને સાથેનું સવિસ્તર ભાષાંતર મૂળ સાથે પણ આ ગ્રંથમાં આપવામાં આવેલું છે. સંસ્કૃત કાવ્યની દૃષ્ટિએ આ ગ્રંથ પ્રતિભાવાન છે, જૈન સાહિત્યનું ઉચ્ચ સ્વરૂપ છે. તેમ જૈન ઇતિહાસની દૃષ્ટિએ તેરમા સૈકામાં જૈનોની જાહોજલાલી, ગૌરવતા, પ્રાચીનતા, પ્રભાવશીલતા બતાવનાર પણ આ એક અપૂર્વ ગ્રંથ છે; કારણ કે આ ગ્રંથમાં ગૂર્જરપતિ જૈન મહારાજા શ્રી **કુમારપાળે** અણહીલપુર પાટણમાં પોતાના પિતાશ્રી ત્રિભુવનપાલના નામથી બનાવેલ પ્રાસાદ (જિનમંદિર) કે જેમાં શ્રીમાન **હેમચંદ્રસૂરિએ** શ્રી પાર્શ્વનાથ પ્રભુ પ્રતિષ્ઠિત કરેલ છે. તે ચૈત્ય-મંદિરની અદ્ભુત શોભાનું ચમત્કારિક વર્ણન આપેલું છે. આ પ્રાસાદમાં બહોંતેર દેવકુલીકા હતી. ચોવીસ રત્નની, ચોવીસ સુવર્ણની, ચોવીશ રૂપાની અને ચોવીશ પીત્તળની, તેમ અતિત, અનાગત અને વર્તમાન કાળની પ્રભુપ્રતિમા હતી. મુખ્ય મંદિરમાં એકસોચોવીશ આંગળ ચંદ્રકાંત મણિની પ્રતિમા હતી. મંદિરનું બાંધકામ, રચના, તેનું ચિત્રકામ, શિલ્પકામની સુંદરતા એટલી બધી છે કે જે આ ગ્રંથ વાંચવાથી આત્માને અપૂર્વ આનંદ સાથે કુમારપાળ રાજાની દેવભકિત માટે આશ્ચર્ય ઉત્પન્ન થાય છે; સાથે તે વખતનો ઇતિહાસ પણ જાણવામાં આવે છે. ગ્રંથ ખરેખર વાંચવા-જાણવા જેવો છે.

આ ગ્રંથ લાંબો સમય સચવાય તે માટે ઊંચા ઇંગ્લીશ આર્ટપેપર ઊપર સુંદર ટાઇપમાં છપાવેલ છે. તમામ લાભ લઇ શકે તે માટે પ્રતાકારમાં છપાવેલ છે, પાટલી પણ ઉંચા કપડાની કરવામાં આવેલ છે, છતાં કિંમત ફકત રૂ. ૧-૮-૦ પોસ્ટખર્ચ જુદું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431.

## શ્રી તીર્થંકર ભગવાનના સુંદર ચરિત્રો.

| | | |
|---|---|---|
| ૧. | શ્રી ચંદ્રપ્રભુ ચરિત્ર. | રૂા. ૧–૧૨–૦ |
| ૨. | શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભાગ ૧ લો. | રૂા. ૨—૦–૦ |
| ૩. | સદર ભાગ ૨ જો. | રૂા. ૨—૮–૦ |
| ૪. | શ્રી વિમલનાથ ચરિત્ર. | રૂા. ૧–૧૨–૦ |
| ૫. | શ્રી મહાવીર ચરિત્ર. | રૂા. ૩—૦–૦ |
| ૬. | શ્રી વાસુપૂજ્ય ચરિત્ર. | રૂા. ૨—૮–૦ |
| | | રૂા. ૧૩—૮–૦ |

ઉપરના વિસ્તારપૂર્વક ચરિત્રો એક સાથે બધાં લેનારને અમારા તરફથી પ્રકટ થયેલ અનેક સુંદર ચિત્રો સહિત સાદા કપડાનાં પાકા બાઇન્ડીંગવાળો **શ્રીપાલ રાસ** અર્થ સહિત ( રૂા. ૨–૦–૦ ની કિંમતનો ) ભેટ આપવામાં આવશે.

## ગુજરાતી ગ્રંથો.

**નીચેના ગુજરાતી ભાષાના કથાના સુંદર પુસ્તકો પણ સિલિકે ઓછા છે. વાંચવાથી આહ્લાદ ઉત્પન્ન કરે તેવા છે. મનુષ્ય સંસ્કારી, ચારિત્રવાન બનતાં આત્મકલ્યાણ સાધી શકે છે. મંગાવી ખાત્રી કરો. બધા પુસ્તકો સુંદર અક્ષરોમાં સુશોભિત કપડાંના પાકા બાઇન્ડીંગથી અલંકૃત અને કેટલાક તો સુંદર ચિત્રો સહિત છે.**

| | | | |
|---|---|---|---|
| (૧) શ્રી ચંપકમાળા ચરિત્ર | રૂા. ૦–૮–૦ | (૯) સુકૃતસાગર (પૃથ્વીકુમાર ચરિત્ર) | રૂા. ૧–૦–૦ |
| (૨) શ્રી સમ્યક્ત્વ કૌમુદી | રૂા. ૧–૦–૦ | (૧૦) શ્રી પ્રભાવક ચરિત્ર | રૂા. ૨–૮–૦ |
| (ર) શ્રી ઉપદેશ સપ્તતિકા | રૂા. ૧–૦–૦ | (૧૧) શ્રીપાળરાજાનો રાસ સચિત્ર અર્થ સહિત | |
| (૪) સુમુખનૃપાદિ ધર્મ પ્રભાવકોની | | સાદું પૂંઠું | રૂા. ૧–૮–૦ |
| કથા | રૂા. ૧–૦–૦ | ,, રેશમી પૂંઠું | રૂા. ૨–૦–૦ |
| (૫) આદર્શ જૈન સ્ત્રીરત્નો | રૂા. ૧–૦–૦ | (૧૨) સતી સુરસુંદરી ચરિત્ર | રૂા. ૧–૮–૦ |
| (૬) શ્રી દાનપ્રદીપ | રૂા. ૩–૦–૦ | (૧૩) શત્રુંજયનો પંદરમો ઉદ્ધાર | રૂા. ૦–૨–૦ |
| (૭) કુમારપાળ પ્રતિબોધ | રૂા. ૩-૧૨-૦ | (૧૪) ,, સોળમો ઉદ્ધાર | રૂા. ૦–૪–૦ |
| (૮) જૈન નરરત્ન ભામાશાહ | રૂા. ૨–૦–૦ | (૧૫) શ્રી તીર્થંકર ચરિત્ર | રૂા. ૦-૧૦-૦ |

## કર્મગ્રંથ ભાગ ૧–૨ સંપૂર્ણ.

**૧. સટીક ચાર કર્મગ્રંથ શ્રીમદ્દેવેન્દ્રસૂરિવિરચિત-પ્રથમ ભાગ રૂા. ૨–૦–૦**

**૨. શતકનામા પાંચમો અને સપ્તતિકાભિધાન છઠ્ઠો કર્મગ્રંથ, દ્વિતીય ભાગ રૂા. ૪–૦–૦**

ઘણી જ કાળજીપૂર્વક તેનું સંશોધન, અમારી પ્રસ્તુત આવૃત્તિમાં સાવધાનપણે સંપાદક મહાપુરુષોએ આ બંને ગ્રંથોમાં કર્યું છે અને રચના, સંકલના વિદ્વત્તાપૂર્ણ કરવામાં આવેલ છે; જે ગ્રંથ જોયા પછી જ જણાય તેવું છે. બાકી તેની સાથે ગુજરાતી ભાષામાં આપેલ પ્રસ્તાવનામાં વિગતો, ગ્રંથકારનો પરિચય, વિષયસૂચિ, કર્મગ્રંથનો વિષય કયા ગ્રંથોમાં છે તેની સૂચિ, પારિભાષિક શબ્દના સ્થાનદર્શક કોષ, શ્વેતાંબરીય કર્મતત્ત્વવિષય શાસ્ત્રોની સૂચિ, કર્મવિષયના મળતાં ગ્રંથો, છ કર્મગ્રંથાન્તર્ગત વિષય દિગંબરી શાસ્ત્રોમાં કયા કયા સ્થળે છે તેનો નિર્દેશ વગેરે આપવામાં આવેલ હોવાથી અભ્યાસીઓ માટે ખાસ ઉપયોગી થયેલ છે, જે પ્રથમ બહાર પડેલ કર્મગ્રંથ કરતાં અધિકતર છે.

ઊંચા એન્ટીક કાગળો ઉપર, સુંદર ટાઇપો અને મજબૂત તથા સુંદર બાઇંડીંગમાં બંને ભાગો પ્રકટ થયેલ છે. કિંમત બંનેના રૂા. ૬–૦–૦. પોસ્ટેજ જુદું.

લખોઃ—**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

For Private And Personal Use Only